કવિશ્રેષ્ઠ સિદ્ધસેન દિવાકરસૂરિજી વિરચિત

કલ્યાણમંદિર સ્તોત્ર

(ગુજરાતી અર્થ, સમાસ, ભાવાર્થ સહિત)

: પ્રેરક :

પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

કમલ પ્રકાશન ટ્રસ્ટ

ઓ માતાઓ ! ઓ પિતાઓ !

તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને તેવું તમે ઈચ્છો છો ?

તો તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.

તપોવન સંસ્કારપીઠ

મુ. અમિયાપુર, પો. : સુઘડ, તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૭૩, ૨૩૨૭૬૩૪૧

મોબાઈલ : ૯૪૨૬૦૬૦૦૯૩

સંસ્કૃત વાઙ્મય-પ્રકાશન શ્રેણી પુષ્પ-૩

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રિલીફરોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

પ્રેરક - પરિચય :

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી

આવૃત્તિ :

પ્રથમ સંસ્કરણ : નકલ : ૨૦૦૦

તા. ૧૫-૪-૨૦૦૪, વિ. સં. ૨૦૬૦

મૂલ્ય રૂા. [illegible]૫-૦૦

ટાઈપસેટિંગ :

અરિહંત ગ્રાફિક્સ

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

મુદ્રક :

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ, અમદાવાદ.

ફોન નં. : ૨૫૫૦૮૬૩૧, ૮૦૪૬૨૧૯

પુજય સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનંતિ કે આ પુસ્તકો જ્ઞાનખાતાની રકમમાંથી છપાવ્યા હોવાથી જ્ઞાનખાતાની રકમ મોકલવા વિનંતી.

કવિશ્રેષ્ઠ સિદ્ધસેન દિવાકરસૂરિજી વિરચિત

કલ્યાણમંદિર સ્તોત્ર

कल्याणमन्दिरमुदारमवद्यभेदि ।
भीताभयप्रदमनिन्दितमंघ्रिपद्मम् ।
संसारसागरनिमज्जदशेषजन्तु-
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥१॥
यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः ।
स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ।
तीर्थेश्वरस्य कमठस्मयधूमकेतो-
स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥२॥

अन्वय : एष अहं जिनेश्वरस्य कल्याणमन्दिरं, उदारं, अवद्यभेदि, भीत-अभयप्रदं अनिन्दितं, संसारसागरनिमज्जत्-अशेषजन्तु-पोतायमानं अंघ्रिपद्मं अभिनम्य गरिमा-अम्बुराशेः कमठस्मयधूमकेतोः यस्य तीर्थेश्वरस्य स्तोत्रं विधातुं सुविस्तृतमतिः सुरगुरुः स्वयं विभुः न, तस्य संस्तवनं किल करिष्ये ॥१-२॥

પરિચય : अवद्य=પાપ भीत=ગભરાયેલ अभयप्रद=અભયદાન આપનાર निमज्जत्=ડૂબતો पोत=વહાણ पोतायमान=વહાણ જેવી પ્રવૃત્તિવાળો अंघ्रि=પગ सुरगुरु=બૃહસ્પતિ स्मय=અભિમાન धूमकेतु=અગ્નિ विभु=સમર્થ.

અર્થ : આ હું જિનેશ્વરના કલ્યાણને આપનારા, ઈષ્ટ વસ્તુના દાનમાં ઉદાર, પાપને ભેદનારા, ગભરાયેલાઓને અભયને આપનારા, અનિંદિત=નિર્દોષ, સંસારસાગરમાં ડૂબતા સર્વ જીવોને માટે વહાણના જેવી પ્રવૃત્તિવાળા એવા ચરણકમળને નમન કરીને મહિમાના સમુદ્ર કમઠના અહંકારને માટે અગ્નિ સમાન એવા જે તીર્થંકરના સ્તોત્રને

કરવાને માટે અત્યંત વિશાળ બુદ્ધિવાળો બૃહસ્પતિ પોતે પણ સમર્થ નથી. તેમના સંસ્તવનને હું કરીશ.

સમાસ : (१) कल्याणस्य मंदिरं इति कल्याणमंदिरं, तत् (२)अवद्यं भिनत्ति इति अवद्यभेदिन्, तत् (३) भीतेभ्यः अभयं प्रददाति इति भीताभयप्रदं, तत् (४) अङ्घ्रिः एव पद्मं इति अङ्घ्रिपद्मम् (५) गरिम्नः अम्बुराशिः इति गरिमाम्बुराशिः, तस्य (६) संसारः सागरः इव इति संसारसागरः, तस्मिन् निमज्जन्तः इति संसारसागरनिमज्जन्तः । अशेषाश्चामी जन्तवश्च इति अशेषजन्तवः । संसारसागरनिमज्जन्तश्चामी अशेषजन्तवश्च इति संसारसागर-निमज्जदशेषजन्तवः, तेषां पोतायमानम् इति संसारसागरनिमज्जदशेष-जन्तुपोतायमानम्, तत् । (७) पोतः इव आचरति इति पोतायमानम् (નામધાતુ)। (८) न विद्यते शेषः येषां ते अशेषाः (जन्तु પદનું વિશેષણ) (९) कमठस्य स्मयः इति कमठस्मयः, धूमः केतुः (चिह्नं) यस्य स धूमकेतुः, कमठस्मयस्य धूमकेतुः इति कमठस्मयधूमकेतुः, तस्य ।

ભાવાર્થ : માત્ર પરમાત્માના ચરણકમળ પણ કલ્યાણમંદિર, ઉદાર, પાપભેદક વગેરે રૂપે હોય તો સાક્ષાત્ પરમાત્મા કેવા હોય ? આ બતાવવા માટે જ 'કલ્યાણમંદિર' વગેરે બધા વિશેષણો પરમાત્માના ન બતાવતા પરમાત્માના ચરણકમળના બતાવ્યા.

અથવા કવિ સમજે છે કે પ્રભુના ચરણનું શરણ લેવાથી જ કલ્યાણ થાય, એટલે ભક્ત જીવો પ્રભુના ચરણનું શરણ લેવા માટે તૈયાર થાય. એ માટે આ બધા વિશેષણો अङ्घ्रिपद्म=ચરણકમળના બતાવ્યા, અર્થાત્ કવિ કહે છે કે માત્ર પરમાત્માને પામો, જુઓ , પાસે રહો એટલા માત્રથી ન ચાલે, કેમકે પ્રભુ કંઈ વિશિષ્ટ નથી, પ્રભુના ચરણો આ બધી વિશિષ્ટતાવાળા છે, એટલે કલ્યાણાદિ જોઈતા હોય તો પ્રભુને નહિ, પ્રભુના ચરણોને ભજો. આમ બે અર્થો થઈ શકે.

તથા જો માત્ર ચરણો જ આવા ઉત્તમ હોય તો પ્રભુ તો કેવા હોય? અને તો પછી એમના ગુણોનું વર્ણન તો સાક્ષાત્ બૃહસ્પતિ પણ ન કરી શકે એમ છતાં હું એમની સ્તુતિ કરવા તત્પર બન્યો છું એ મારી બાલિશતા જ છે.

सामान्यतोऽपि तव वर्णयितुं स्वरूप-

मस्मादृशाः कथमधीश ! भवन्त्यधीशाः ।

धृष्टोऽपि कौशिकशिशुर्यदिवा दिवान्धो ।

रूपं प्ररूपयति किं किल घर्मरश्मेः ॥३॥

अन्वय : अधीश ! अस्मादृशाः सामान्यतः अपि तव स्वरूपं वर्णयितुं कथं अधीशाः भवन्ति, यदिवा धृष्टः अपि दिवान्धः कौशिकशिशुः घर्मरश्मेः रूपं किं किल प्ररूपयति ? ॥३॥

પરિચય : अधीश=સ્વામી अधीश=સમર્થ कौशिक=ઘુવડ धृष्ट=ધીર, ચતુર घर्मरश्मि=સૂર્ય दिवा=દિવસ (અવ્યય).

અર્થ : હે સ્વામિન્ ! અમારા જેવા તો સામાન્યથી પણ આપના સ્વરૂપને વર્ણવવાને માટે કેવી રીતે સમર્થ બને ? અથવા તો ચતુર એવુ પણ દિવસે અંધ બની જનારું ઘુવડનું બચ્ચું સૂર્યના સ્વરૂપને શું વર્ણવી શકે ખરું ?

સમાસ : (१) वयं इव दृश्यन्ते इति अस्मादृशाः । (२) कौशिकस्य शिशुः इति कौशिकशिशुः (३) घर्माः (उष्णाः) रश्मयः यस्य स घर्मरश्मिः, तस्य ।

ભાવાર્થ : પ્રથમ બે પાદમાં શંકા વ્યક્ત કરી કે મારા જેવા શી રીતે સ્તવન કરી શકે ? પછીના બે પાદમાં પોતે જ સમાધાન મેળવી લેતા હોય એમ 'यदिवा' પદ દ્વારા બતાવ્યું, એટલે કે જેમ પેલું બચ્ચું સૂર્યનું વર્ણન ન કરી શકે એમ મારા જેવા પણ ન જ કરી શકે એ સ્વાભાવિક છે. ઘુવડ તો દિવસે અંધ બને એટલે સૂર્યને જોઈ જ ન શકે તો પછી એ સૂર્યનું વર્ણન

શી રીતે કરે ? કવિ આના દ્વારા એમ કહે છે કે અધ્યાત્મયોગરૂપી દિવસને વિશે પ્રભુ સૂર્ય સમાન છે. પણ મિથ્યાત્વાદિ રૂપ રાત્રિમાં જ હું તો દૃષ્ટિવાળો છું, અધ્યાત્મરૂપી દિવસમાં હું અંધ છું. એટલે પ્રભુને, એના સાચા સ્વરૂપને ઓળખતો જ નથી તો શી રીતે એના ગુણો ગાઈ શકું ?

मोहक्षयादनुभवन्नपि नाथ ! मर्त्यो ।

नूनं गुणान् गणयितुं न तव क्षमेत ।

कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मान् ।

मीयेत केन जलधेर्ननु रत्नराशिः ॥४॥

अन्वय : नाथ ! मोहक्षयात् अनुभवन् अपि मर्त्यः नूनं तव गुणान् गणयितुं न क्षमेत, यस्मात् कल्पान्तवान्तपयसः जलधेः प्रकटः अपि रत्नराशिः ननु केन मीयेत ? ॥४॥

પરિચય : अनुभवन्=અનુભવ કરતો मर्त्य=મનુષ્ય कल्पान्त= કલ્પાંતકાળ वान्त=નીકળી ગયેલ, દૂર થયેલ.

અર્થ : હે નાથ ! મોહના ક્ષયથી (આપના ગુણોને) અનુભવતો એવો પણ મનુષ્ય એ ખરેખર આપના ગુણોને ગણવાને માટે સમર્થ નથી, કેમકે યુગના અંતકાળમાં જેમાંથી પાણી નીકળી ગયું છે એવા સમુદ્રનો પ્રગટ થયેલો એવો પણ રત્નોનો ઢગલો કોના વડે માપી શકાય ?

સમાસ : (१) मोहस्य क्षयः इति मोहक्षयः, तस्मात् (२) कल्पस्य अन्तः इति कल्पान्तः, कल्पान्ते वान्तं पयः यस्मात् स कल्पान्तवान्तपयाः, तस्य (३) रत्नानां राशिः इति रत्नराशिः ।

ભાવાર્થ : સંસારી અને સ્વામી બે ય ના ગુણો તો સરખા જ છે. માત્ર સંસારીઓમાં મોહનીય કર્મ હોવાથી તે ગુણોનો અનુભવ સંસારી કરતો નથી. પણ જે સંસારીને મોહક્ષય થાય તે પોતાના એ ગુણોને અનુભવી શકે. અને એ ગુણો અને સ્વામીના ગુણો એક જ હોવાથી એમ પણ કહેવાય કે મોહક્ષય દ્વારા એ જીવ સ્વામીના ગુણોને અનુભવે છે. પણ એ

અનુભવ હોવા છતાં પણ એ જીવ 'પ્રભુના ગુણો કેટલા ?' એ ગણી શકતો નથી.

જેમ યુગનો અંત થાય ત્યારે સમુદ્રનું બધું પાણી ખલાસ થઈ જાય છે અને એટલે સમુદ્રમાં રહેલો અતિ-અતિ વિશાળ એવો રત્નનો ઢગલો નજરોનજર દેખાય, પણ એ દેખનારો માણસ રત્નરાશિને જોવા છતાં રત્નરાશિને ગણી શકતો નથી જ. એ જ અહીં સમજવું.

अभ्युद्यतोऽस्मि तव नाथ ! जडाशयोऽपि ।

कर्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य ।

बालोऽपि किं न निजबाहुयुगं वितत्य ।

विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ॥५॥

अन्वय : नाथ ! जडाशयः अपि लसद्–असंख्यगुणाकरस्य तव स्तवं कर्तुं अभ्युद्यतः अस्मि । बालः अपि निजबाहुयुगं वितत्य स्वधिया अम्बुराशेः विस्तीर्णतां किं न कथयति ? ॥५॥

પરિચય : जडाशय=મૂર્ખ, જડ બુદ્ધિવાળો लसद्=દીપતું आकर=ખાણ, ભંડાર बाहुयुग=બે હાથ वितत्य=વિસ્તારીને विस्तीर्णता=વિશાળતા.

અર્થ : હે નાથ ! જડ બુદ્ધિવાળો એવો પણ હું દેદીપ્યમાન અસંખ્ય ગુણોના ભંડારવાળા એવા આપના સ્તવનને કરવાને માટે ઉદ્યમવાળો બન્યો છું. બાળક પણ પોતાના બે હાથને ફેલાવીને પોતાની બુદ્ધિ પ્રમાણે સમુદ્રના વિસ્તારને શું નથી કહેતો ?

સમાસ : (१) जडः आशयः यस्य स जडाशयः । (२) न विद्यते संख्या येषां ते असंख्याः । असंख्याश्चामी गुणाश्च इति असंख्यगुणाः । लसन्तश्चामी असंख्यगुणाश्च इति लसदसंख्यगुणाः, तेषां आकरः इति लसदसंख्यगुणाकरः, तस्य (३) बाह्वोः युगं इति बाहुयुगं, निजस्य बाहुयुगं इति निजबाहुयुगं, तत् (४) स्वस्य धीः इति स्वधीः, तया ।

ભાવાર્થ : નાના બાળકને કોઈ પૂછે કે 'સમુદ્ર કેટલો મોટો ?' તો એ સરળભાવે પોતાના બે હાથ પહોળા કરીને કહે કે 'આટલો મોટો.' પ્રભુ ! હું પણ બાળક જ છું. એટલે જેમ એ બાળકની આવી પ્રવૃત્તિ એ હાંસીપાત્ર નથી તેમ મારી પણ તમારા ગુણોનું સ્તવન કરવા રૂપી પ્રવૃત્તિ હાંસીપાત્ર ન ગણવી. હું તમારા ગમે તેટલા ગુણો કહીશ તો પણ એ હાથ પહોળા કરીને સમુદ્રની વિશાળતા બતાવવાની પ્રવૃત્તિ જેવું જ ગણાશે. આમ કવિ બચાવ કરે છે.

ये योगिनामपि न यान्ति गुणास्तवेश !
वक्तुं कथं भवति तेषु ममावकाशः ।
जाता तदेवमसमीक्षितकारितेयं ।
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ॥६॥

अन्वय : ईश ! ये तव गुणाः योगिनाम् अपि वक्तुं न यान्ति तेषु मम अवकाशः कथं भवति ? तत् एवं इयम् असमीक्षितकारिता जाता वा पक्षिणः अपि निजगिरा ननु जल्पन्ति ॥६॥

પરિચય : अवकाश=અવસર, શક્તિ असमीक्षित=નહિ વિચારવું તે जाता=થયું, થઈ.

અર્થ : હે ઈશ ! જે તારા ગુણો યોગીઓને પણ બોલવાને માટે પાર પમાતા નથી (યોગીઓ પણ જે ગુણોને બોલી શકતા નથી) તે ગુણોમાં મારો તો અવકાશ, અવસર, શક્તિ ક્યાંથી હોય ? તેથી જ આ પ્રમાણે તો આ વગર વિચાર્યે કામ કરવા જેવું થયું અથવા તો પક્ષીઓ પણ પોતાની વાણી વડે બોલે જ છે.

સમાસ : (१) न समीक्षितं इति असमीक्षितं । असमीक्षितं यथा स्यात् तथा करोतीति असमीक्षितकारी, तस्य भावः इति असमीक्षितकारिता । (२) पक्षाः (પાંખ) सन्ति येषां ते पक्षिणः ।

ભાવાર્થ : મોટા માણસો પણ જે કામ ન કરી શકે એમાં સાવ નાનો

માણસ પ્રવૃત્તિ કરે તો લોકો કહે કે 'આ તો વિચાર્યા વિના જ કામ કરનારો છે. જો વિચારીને કામ કરતો હોત તો આવા મોટાઓ વડે અસાધ્ય એવા કામમાં પ્રયત્ન ન કરત.' એમ કવિ કહે છે કે આ રીતે તો મહાયોગીઓ માટે પણ અશક્ય એવા કામમાં મારી તો હેસિયત જ નથી. છતાં મેં એમાં પ્રવૃત્તિ કરી એટલે ખરેખર મેં વગર વિચાર્યે કામ કર્યું ગણાય.

પણ કવિ જ પાછો બચાવ કરે છે કે પક્ષીઓ પણ પોતાની ભાષા વડે બોલે તો છે જ ને ? અર્થાત્ પક્ષીઓને માનવભાષા ન આવડે એટલે એ પક્ષીઓ બોલવાનું જ છોડી દે એવું નથી. તેઓ પોતાની શક્તિ પ્રમાણે પોતાની ભાષામાં બોલે જ છે એમ હું પણ બોલીશ.

आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते ।
नामाऽपि पाति भवतो भवतो जगन्ति ।
तीव्रातपोपहतपान्थजनान्निदाघे ।
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥७॥

अन्वय : जिन ! अचिन्त्यमहिमा ते संस्तवः आस्ताम्, भवतः नाम अपि भवतः जगन्ति पाति, पद्मसरसः सरसः अनिलः अपि निदाघे तीव्र-आतप-उपहत-पान्थ-जनान् प्रीणाति ॥७॥

પરિચય : महिमन्=પ્રભાવ, સામર્થ્ય संस्तव=સ્તુતિ आस्तां=દૂર રહો भव=સંસાર भवतः=સંસારથી सरस=પાણીના બિંદુઓથી યુક્ત निदाघ=ઉનાળો पान्थ=મુસાફર आतप=તડકો.

અર્થ : હે જિન ! અચિન્ત્ય પ્રભાવવાળું આપનું સ્તવન (સ્તુતિ) તો દૂર રહો, પરંતુ આપનું નામ પણ આ સંસારમાંથી ત્રણેય જગતને બચાવે છે (રક્ષે છે). પદ્મ સરોવરનો પાણીના ટીપાવાળો પવન પણ ઉનાળામાં તીવ્ર તડકાથી પરેશાન થયેલા મુસાફરજનને ખુશ કરે છે.

સમાસ : (१) चिन्तयितुं शक्यः इति चिन्त्यः, न चिन्त्यः इति

अचिन्त्यः, अचिन्त्यः महिमा यस्य स अचिन्त्यमहिमा । (२) रसेन सह वर्तते इति सरसः (३) तीव्रश्चासौ आतपश्च इति तीव्रातपः, तेन उपहताः इति तीव्रातपोपहताः । पान्थाश्चामी जनाश्च इति पान्थजनाः । तीव्रातपोपहताश्चामी पान्थजनाश्च इति तीव्रातपोपहतपान्थजनाः, तान् ।

ભાવાર્થ : ભયંકર ઉનાળામાં મુસાફર પદ્મ સરોવર પાસે પહોંચે અને એનામાં સ્નાન કરે, પાણી પીએ તો તો એ પાણી એ મુસાફરને ખુશ કરનારું બને જ, પણ પદ્મ સરોવર ઉપરથી પસાર થયેલો ઠંડો, ભીનો પવન પણ જો દૂર રહેલા મુસાફરોને સ્પર્શે તો ય તેઓને ખુશ કરી દે. એમ આપનું સ્તવન એ પદ્મ સરોવર જેવું છે, જ્યારે આપનું નામ એ સરોવર ઉપરથી પસાર થઈને આવેલા ઠંડા પવન જેવું છે.

हृद्वर्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति ।
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजंगममया इव मध्यभाग-
मभ्यागते वनशिखण्डिनि चंदनस्य ॥८॥

अन्वय : विभो ! वनशिखण्डिनि चन्दनस्य मध्यभागं अभ्यागते भुजङ्गममयाः (बन्धाः) सद्यः इव त्वयि हृद्वर्तिनि जन्तोः निबिडा अपि कर्मबन्धाः क्षणेन शिथिलीभवन्ति ॥८॥

પરિચય : शिखंडिन्=મોર अभ्यागत=આવેલો भुजङ्गममय= સર્પસ્વરૂપ निबिड=ગાઢ.

અર્થ : હે વિભુ ! જંગલનો મોરલો ચંદન વનના મધ્યભાગમાં આવતે છતે ચંદનના સર્પમય બંધનો જેમ ઝડપથી ઢીલા પડી જાય તેમ તમે હૃદયમાં હોતે છતે જીવના ગાઢ એવા પણ કર્મબંધો ક્ષણવારમાં ઢીલા પડી જાય છે.

સમાસ : (१) वनस्य शिखंडी इति वनशिखंडी, तस्मिन् (२) हृदि वर्तते इति हृद्वर्ती, तस्मिन् (३) कर्मणां बन्धाः इति

कर्मबन्धाः । (४) न शिथिलाः इति अशिथिलाः, अशिथिलाः शिथिलाः भवन्तीति शिथिलीभवन्ति ।

ભાવાર્થ : સ્પષ્ટ છે. સાપ મોરલાઓનો ખોરાક છે એટલે મોરલાનો ટહુકો સંભળાતા જ એ ભાગી જાય. ચંદનના વૃક્ષોને ગાઢ રીતે વીંટળાઈને રહેલા સાપો પણ મોર આવતાંની સાથે ભાગવા માંડે છે એમ પ્રભુ હૃદયમાં આવે એટલે બધા કર્મબંધો ઢીલા પડી જાય.

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रे ।
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥९॥

अन्वय : स्फुरिततेजसि गोस्वामिनि दृष्टमात्रे प्रपलायमानैः चौरैः आशु पशवः इव जिनेन्द्र ! त्वयि वीक्षिते अपि मनुजाः सहसा रौद्रैः उपद्रवशतैः मुच्यन्त एव ॥९॥

પરિચય : रौद्र=ભયંકર गोस्वामिन्=ગોવાળ, સૂર્ય, રાજા आशु= ઝડપથી.

અર્થ : જેમ સ્ફુરાયમાન થતાં તેજવાળો એવો ગોવાળ, રાજા કે સૂર્ય દેખાયે છતે જ ભાગતા ચોરો વડે ઝડપથી પશુઓ છોડી દેવાય છે એમ હે જિનેન્દ્ર ! તમે માત્ર દેખાઓ તો પણ મનુષ્યો ઝડપથી ભયંકર એવા સેંકડો ઉપદ્રવો વડે મુકાય છે (મુક્ત બને છે).

સમાસ : (१) उपद्रवाणां शतानि इति उपद्रवशतानि, तैः (२) गवां स्वामीति गोस्वामी, तस्मिन् । (३) दृष्टः एव इति दृष्टमात्रः, तस्मिन् ।

ભાવાર્થ : અંધારામાં ચોરી કરતા ચોરો સૂર્ય ઉગતાંની સાથે બધું પડતું મુકીને ભાગે એમ ગાયનું ધણ ચોરી જતા ચોરો, ગાયનો માલિક કે પૃથ્વીનો માલિક રાજા આવતાંની સાથે ભાગે. આમ 'गोस्वामिन्' શબ્દના

ત્રણેય અર્થો ઘટી શકે. બાકીના પદાર્થો સ્પષ્ટ જ છે.

त्वं तारको जिन ! कथं भविनां त एव ।
त्वामुद्‌वहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दृतिस्तरति यज्जलमेष नून-
मन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥१०॥

अन्वय : जिन ! त्वं भविनां कथं तारकः ? यत् त एव उत्तरन्तः हृदयेन त्वां उद्वहन्ति, यद्वा यत् दृतिः नूनं जलम् तरति स एषः अन्तर्गतस्य मरुतः किल अनुभावः ॥१०॥

પરિચય : भविन्=ભવ્ય જીવ दृति=ચામડાની બનેલી મશક, જે વાયુ વડે ભરીને પછી એનાથી નદી તરી શકાય अनुभाव=પ્રભાવ.

અર્થ : હે જિન ! તું ભવ્ય જીવોનો તારક શી રીતે કહેવાય ? કેમકે સમુદ્રને ઉતરતાં તેઓ જ હૃદય વડે તને ધારણ કરે છે, વહન કરે છે. અથવા તો ચામડાની મશક પાણીમાં તરે છે એ ખરેખર અંદર રહેલા પવનનો જ પ્રભાવ છે.

સમાસ : (१) अन्तः गतः इति अन्तर्गतः, तस्य ।

ભાવાર્થ : આ કાવ્યના ઘણા શ્લોકોમાં કવિની આ શૈલિ જોવા મળશે કે શરૂઆતમાં તેઓ કોઈક આપત્તિ ઊભી કરશે અને પછીના પાદમાં એનો ઉત્તર પોતે જ આપશે અને પેલી આપત્તિ દૂર કરી દેશે.

અહીં પણ આ જ શૈલિ છે.

હોડીમાં માણસ બેસે છે અને એ હોડી સામે પાર પહોંચે છે તો ત્યાં હોડી એ માણસોની તારક કહેવાય. અર્થાત્ જે વસ્તુ બીજી વસ્તુને પોતાની અંદર સમાવી લઈ સામે પાર પહોંચાડે એ વસ્તુ બીજી વસ્તુની તારક કહેવાય.

પ્રભુ ભવ્ય જીવોના તારક કહેવાય છે તો હકીકત એ હોવી જોઈએ કે પ્રભુ ભવ્ય જીવોને પોતાનામાં સમાવી લઈ, ઊંચકી લઈ સામે પાર

પહોંચાડે. પણ અહીં તો સાવ ઊંધી જ વાત છે. ભવ્ય જીવો પોતાના હૃદયમાં પ્રભુને સમાવી લઈ સામે પાર પહોંચે છે.

આ વાતને આગળ કરીને કવિ પ્રભુને પ્રશ્ન કરે છે કે, "તમે શી રીતે ભવ્યોના તારક ગણાઓ છો ?"

પણ પછી કવિ જ ઉત્તર આપે છે કે હોડીની વાત જવા દો. પાણીમાં જે મશક તરે છે ત્યાં એમાં રહેલા વાયુનો જ પ્રભાવ ગણાય છે.

એમ ભવ્ય જીવો મશક જેવા છે અને એમના હૃદયમાં રહેલા આપ એ વાયુ જેવા છો. એટલે એ રીતે આપ એમના તારક કહેવાઓ.

यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावाः ।
सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ।
विध्यापिता हुतभुजः पयसाथ येन ।
पीतं न किं तदपि दुर्धरवाडवेन ॥११॥

अन्वय : यस्मिन् हरप्रभृतयः अपि हतप्रभावाः सः अपि रतिपतिः त्वया क्षणेन क्षपितः, अथ येन पयसा हुतभुजः विध्यापिताः तदपि दुर्धरवाडवेन किं न पीतम् ॥११॥

પરિચય : हर=શંકર प्रभृति=વગેરે रतिपति=કામદેવ क्षपित =મરાયો विध्यापित=હોલવાયો, નાશ કરાયો वाडव=સાગરમાં રહેલો પાણીને ખતમ કરનારો એક પ્રકારનો અગ્નિ दुर्धर=ભીષણ.

અર્થ : જે કામદેવને વિશે શંકર વગેરે દેવો પણ હણાયેલા પ્રભાવવાળા થયા તે કામદેવ પણ તમારા વડે ક્ષણવારમાં ખતમ કરાયો. જે પાણી વડે અગ્નિ બુઝાવાયો છે એ પાણી પણ ભીષણ વડવાગ્નિ વડે શું નથી પીવાયો ?

સમાસ : (१) हरः प्रभृतौ (आदौ) येषां ते हरप्रभृतयः (२) हतः प्रभावः येषां ते हतप्रभावाः । (३) रत्याः पतिः इति रतिपतिः।

ભાવાર્થ : અહીં પણ બે પદોમાં વિરોધ બતાવે છે. તે આ પ્રમાણે- શંકર વગેરે દેવ છે અને તમે પણ દેવ છો. એટલે તમે બધા દેવ તરીકે સરખા જ છો. છતાં શંકર વગેરે દેવો કામદેવ દ્વારા એક પળમાં ખતમ કરાયા. શંકર પાર્વતી સાથે, વિષ્ણુ લક્ષ્મી સાથે લાગી ગયા પણ તમે કામદેવથી હણાયા તો નહિ, ઊલ્ટું તમે કામદેવને જ મારી નાંખ્યો. તમે બધા દેવ તરીકે સરખા હોવા છતાં આવું કેમ ?

છેલ્લા બે પાદમાં એનું સમાધાન કરે છે કે વડવાનલ અને બીજો અગ્નિ અગ્નિ તરીકે સમાન છે છતાં એમાં બીજો અગ્નિ પાણી વડે બુઝાય છે અને વડવાનલ એ પાણી વડે બુઝાઈ જવાની વાત તો દૂર રહી, ઊલ્ટું એ વડવાનલ જ પાણીને પી જાય છે.

જેમ આ દૃષ્ટાન્ત પ્રસિદ્ધ જ છે તેમ પ્રભુ અને અન્ય દેવો વિશેની ઉપર બતાવેલ વાત પણ યોગ્ય જ છે.

स्वामिन्ननल्पगरिमाणमपि प्रपन्ना-
स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः ?
जन्मोदधिं लघु तरन्त्यतिलाघवेन ।
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभावः ॥१२॥

अन्वय : अहो स्वामिन् ! त्वाम् प्रपन्नाः जन्तवः अनल्पगरिमाणम् अपि हृदये दधानाः अतिलाघवेन जन्मोदधिं लघु कथं तरन्ति ? यदि वा हन्त महतां प्रभावः न चिन्त्यः ॥१२॥

પરિચય : जन्तु=જીવ प्रपन्न=પામેલા गरिमन्=ભારેપણું, ભાર, વજન लाघव=હળવાશ लघु=ઝડપથી.

અર્થ : સ્વામિન્ ! તમને પામેલા જીવો ઘણા વધારે ભારવાળા એવા પણ આપને હૃદયમાં ધારણ કરતાં છતાં ખૂબ જ હળવાશથી આ જન્મરૂપી સમુદ્રને ઝડપથી કેવી રીતે તરે છે ? અથવા તો ખરેખર મહાપુરુષોનો પ્રભાવ અચિન્ત્ય હોય છે.

સમાસ : (१) गुरोः भावः इति गरिमा । न अल्पः इति अनल्पः । अनल्पः गरिमा यस्य स अनल्पगरिमा, तम् (२) जन्म एव उदधिः इति जन्मोदधिः, तम् ।

ભાવાર્થ : અહીં પણ કવિ સૌ પ્રથમ વિરોધ બતાવે છે. તે આ પ્રમાણે-પ્રભુ ગુણો વગેરેથી ઘણા મહાન છે, ગુરુ=મોટા છે. ગુરુનો અર્થ 'ભારે' પણ થાય. કવિ એ અર્થ પકડીને કહે છે કે તમારામાં પુષ્કળ ગુરુતા પડી છે. હવે એવું દેખાય છે કે વજનદાર વસ્તુ ઊંચકીને ચાલતો માણસ જલ્દી ચાલી ન શકે. પણ ભવ્ય જીવો તો પુષ્કળ ગુરુતાવાળા પ્રભુને હૃદય વડે ઊંચકીને ધીમા પડવાને બદલે વધુ ઝડપથી ખૂબ સહેલાઈથી સમુદ્રને તરી જાય છે. આ શી રીતે બની શકે ?

છેલ્લી પંક્તિમાં કવિ સમાધાન આપે છે કે મહાત્માઓનો પ્રભાવ આપણી સમજમાં ન આવે. આ તો પ્રભુનો કોઈ પ્રભાવ જ છે. (વાસ્તવિકતા એ છે કે અહીં ગરિમા એ વજનરૂપ નથી પણ ભાવાત્મક છે. એટલે ઉપરની આપત્તિ આવે નહિ. કવિ આ જાણે છે પણ પ્રભુ સાથે ભક્તિસંબંધ બાંધવા આવી કલ્પનાઓ કરે છે.)

क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो ।
ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ?
प्लोषत्यमुत्र यदिवा शिशिरापि लोके ।
नीलद्रुमाणि विपिनानि न किं हिमानी ? ॥१३॥

अन्वय : विभो ! त्वया यदि क्रोधः प्रथमं निरस्तः तदा बत कर्मचौराः किल कथं ध्वस्ताः, यदिवा अमुत्र लोके शिशिरापि हिमानी नीलद्रुमाणि विपिनानि किं न प्लोषति ? ॥१३॥

પરિચય : निरस्त=દૂર કરાયો, ખતમ કરાયો शिशिरा=ઠંડી हिमानी=બરફનો સમૂહ, હિમ विपिन=જંગલો प्लोषति=બાળે છે बत=આશ્ચર્યદર્શક.

અર્થ : હે વિભુ ! તમારા વડે જો ક્રોધ સૌ પ્રથમ દૂર કરાયો તો પછી કર્મરૂપી ચોરો કેવી રીતે હણાયા ? અથવા તો આ લોકમાં ઠંડો એવો હિમ લીલા વૃક્ષોવાળા જંગલોને શું નથી બાળતો ?

સમાસ : (१) कर्माणि एव चौराः इति कर्मचौराः । (२) नीलाः द्रुमाः येषु तानि नीलद्रुमाणि, तानि ।

ભાવાર્થ : શત્રુને મારી નાંખવા માટે ક્રોધની જરૂર પડે જ. ક્રોધ વિના ચોરો-શત્રુઓને મારી ન શકાય. પ્રભુએ ક્ષપકશ્રેણીમાં સૌ પ્રથમ ક્રોધનો ક્ષય કરી નાંખ્યો. ત્યારબાદ બાકીની ઘણી બધી મોહનીય પ્રકૃતિ વગેરેનો વિનાશ કર્યો. કવિ અહીં પણ વિરોધ બતાવે છે કે આપે તો ક્રોધને જ સૌથી પહેલા મારી નાંખ્યો તો ક્રોધ વિના હવે બાકીના કર્મચોરોને હણવા શક્ય નથી. આપે શી રીતે એમને હણ્યા ?

છેલ્લા બે પાદમાં કવિ જ ઉત્તર આપે છે કે ક્રોધથી જ બીજાઓનો વિનાશ કરાય એવો નિયમ નથી. ઠંડો હિમ જંગલોને બાળી જ નાંખે છે ને ? એમ પ્રભુ ક્રોધ વિના ક્ષમાથી જ કર્મચોરોને હણી શક્યા.

त्वां योगिनो जिन ! सदा परमात्मरूप-
मन्वेषयन्ति हृदयाम्बुज-कोशदेशे ।
पूतस्य निर्मलरुचेर्यदिवा किमन्य-
दक्षस्य संभवि पदं ननु कर्णिकायाः ॥१४॥

अन्वय : जिन ! योगिनः हृदयाम्बुजकोशदेशे परमात्मरूपं त्वाम् सदा अन्वेषयन्ति । यदिवा ननु निर्मलरुचेः पूतस्य अक्षस्य कर्णिकायाः अन्यत् पदं किं संभवि ? ॥१४॥

પરિચય : अम्बुज=કમળ अम्बुजकोशदेश=કમળનો કોશ, ડોડા અર્થાત્ મધ્યભાગ अक्ष=આત્મા, કમળનું બીજ पूत=પવિત્ર कर्णिका= કમળદાંડી पद=સ્થાન.

અર્થ : જિન ! યોગીઓ હૃદયરૂપી કમળના ડોડાના ભાગમાં પરમાત્મા સ્વરૂપ એવા આપને હંમેશા શોધે છે. અથવા તો નિર્મળ કાંતિવાળા, પવિત્ર એવા કમળબીજનું (આત્માનું) કમળદાંડી સિવાય બીજું સ્થાન શું સંભવે ખરું ?

સમાસ : (१) हृदयं एव अम्बुजं इति हृदयाम्बुजं । हृदयाम्बुजस्य कोशदेशः (मध्यभागः) इति हृदयाम्बुजकोशदेशः, तस्मिन् (२) परमश्चासौ आत्मा च इति परमात्मा । परमात्मा एव रूपं (स्वरूपं) यस्य स परमात्मरूपः, तम् (३) निर्मला रुचिः यस्य स निर्मलरुचिः, तस्य ।

ભાવાર્થ : કવિ પોતાની શૈલિ પ્રમાણે જ ચાલી રહ્યા છે. પ્રથમ આપત્તિ આપે છે. તે આ પ્રમાણે-યોગીઓ પ્રભુને પોતાના હૃદયના અંદરના ભાગમાં શોધે છે એ તો વિચિત્ર ગણાય. પ્રભુને શોધવા માટે તીર્થભૂમિઓ વગેરેમાં ફરવું જોઈએ.

પછી સ્વયં સમાધાન આપે છે કે કમળનું જે બીજ છે તે નિર્મળ કાંતિવાળું છે અને પવિત્ર છે. અને એ કમળની દાંડીની અંદર રહેલું હોય છે. એને બહાર શોધવા જવાની જરૂર નથી. એમ પ્રભુ પણ નિર્મળ કાંતિવાળા અને પવિત્ર જ છે તો એ પણ કમળબીજ જેવા હોવાથી કમળદાંડીના મધ્યભાગમાં જ રહે ને ? ફરક એટલો જ કે પ્રભુ યોગીઓના હૃદયરૂપી કમળના મધ્યભાગમાં રહે છે, પેલું કમળબીજ લૌકિક કમળના મધ્યભાગમાં રહે છે. હવે જે વસ્તુ જ્યાં રહેતી હોય તે વસ્તુને ત્યાં જ શોધવી પડે. પ્રભુ યોગીઓના હૃદયકમળમાં જ રહે છે એટલે યોગીઓ પ્રભુને હૃદયકમળમાં જ શોધે એ યોગ્ય જ છે.

અહીં કવિએ બીજી પણ કેટલીક બાબતો સ્પષ્ટ કરી.

(૧) યોગીઓ સતત પ્રભુનું સ્મરણ કરે છે એ વાત કવિએ બતાવી.

(૨) પરમાત્મા દરેક આત્માની અંદર જ રહેલા છે. એને બહાર શોધવાની જરૂર નથી.

ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन ।
देहं विहाय परमात्मदशां व्रजन्ति ।
तीव्रानलादुपलभावमपास्य लोके ।
चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥१५॥

अन्वय : लोके धातुभेदाः तीव्रानलात् उपलभावं अपास्य अचिरात् चामीकरत्वं इव जिनेश ! भविनः भवतः ध्यानात् देहं विहाय क्षणेन परमात्मदशां व्रजन्ति ॥१५॥

પરિચય : धातुभेद=ચાંદી, સોનું વગેરે ધાતુના પ્રકાર उपलभाव= પત્થરપણું चामीकर=સુવર્ણ.

અર્થ : લોકમાં જેમ ચાંદી, સોનું વગેરે ધાતુના પ્રકારો તીવ્ર અગ્નિ દ્વારા પત્થરપણાને છોડી દઈને ઝડપથી સુવર્ણપણાને પામે છે એમ હે જિનેશ ! ભવ્ય જીવો તમારા ધ્યાન દ્વારા શરીરને છોડી દઈને ક્ષણવારમાં પરમાત્મદશાને પામે છે.

સમાસ : (१) परमश्चासौ आत्मा च इति परमात्मा, तस्य दशा इति परमात्मदशा, ताम् (२) धातूनां भेदाः इति धातुभेदाः (३) तीव्रश्चासौ अनलश्च इति तीव्रानलः, तस्मात् (४) उपलस्य भावः इति उपलभावः, तम् (५) चामीकरस्य भावः इति चामीकरत्वं, तत् ।

ભાવાર્થ : ખાણમાંથી નીકળેલા હીરા, સોનું વગેરે શરૂઆતમાં તો પત્થર જેવા જ હોય, પણ અગ્નિ વગેરેમાં નાંખી દીધા બાદ એ પોતાના વાસ્તવિક સ્વરૂપને પામે છે. એમ જીવો અનાદિકાળથી દેહધારી છે, પણ ધ્યાન દ્વારા દેહનાશ કરી સ્વભાવને પામે છે. અહીં ભવ્ય=હીરા, સોનું, દેહ=પત્થરપણું; પરમાત્મદશા=સુવર્ણપણું, ધ્યાન=અગ્નિ આ રીતે ઉપમાઓ સમજવી.

अन्तः सदैव जिन ! यस्य विभाव्यसे त्वं ।
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ।
एतत्स्वरूपमथ मध्यविवर्तिनो हि ।
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥१६॥

अन्वय : जिन ! भव्यैः यस्य अन्तः सदैव त्वं विभाव्यसे तदपि शरीरम् कथं नाशयसे ? अथ एतत्स्वरूपं यत् महानुभावाः मध्य-विवर्तिनः विग्रहं प्रशमयन्ति हि ॥१६॥

પરિચય : विभाव्यसे=તું ચિંતન કરાય છે नाशयसे=તું ખતમ કરે છે अनुभाव=પ્રભાવ विग्रह=શરીર, ઝઘડો.

અર્થ : હે જિન ! ભવ્યો વડે જે શરીરની અંદર સદાય તું ચિંતન કરાય છે (ધ્યાન ધરાય છે) તે પણ શરીરને તું કેમ નાશ કરી નાંખે છે ? ખરેખર આ સ્વરૂપ જ છે કે મહાપ્રભાવશાળી મધ્યસ્થ પુરુષો એ વિગ્રહને=શરીરને, ઝઘડાને શાંત કરે છે. (ખતમ કરે છે.)

સમાસ : (१) मध्ये विवर्तन्ते इति मध्यविवर्तिनः (२) महान् अनुभावः येषां ते महानुभावाः ।

ભાવાર્થ : જે મંદિરની અંદર પ્રભુ પૂજાતા હોય એ જ મંદિરને શું એ પ્રભુ તોડી નાંખે એવું બને ખરું ? પ્રભુ ભવ્ય જીવો વડે શરીર રૂપી મંદિરમાં ધ્યાન કરાય છે અને એ ધ્યાનના પ્રભાવથી જ એ ભવ્યો અશરીરી=સિદ્ધ બને છે. એટલે આ તો પ્રભુભક્તિએ-પ્રભુએ મંદિર તોડી નાંખવા જેવું કામ કર્યું. આ કંઈ યોગ્ય નથી લાગતું.

હવે કવિ સ્વયં સમાધાન આપે છે કે આ સ્વરૂપ=સ્વભાવ=વાસ્તવિકતા જ છે કે પ્રભાવશાળી મધ્યસ્થ પુરુષો વિગ્રહનો નાશ કરે. બે વચ્ચે વિગ્રહ=ઝઘડો થાય તો પ્રભાવશાળી મધ્યસ્થ જ એ વિગ્રહને દૂર કરી શકે.

અહીં આ વાક્ય દ્વિઅર્થી કહેવાય. એક જ વાક્યમાંથી જુદા જુદા

અર્થ સૂચવાતા હોય તે વાક્ય દ્વિઅર્થી કહેવાય.

કવિએ આ વાક્યનો સીધો અર્થ આ જ બતાવ્યો કે મધ્યસ્થીઓ વિગ્રહને=ઝઘડાને ખતમ કરે.

પણ અહીં એમણે બીજી રીતે અર્થ કરી ઉપરનો વિરોધ દૂર કરવો છે. પ્રભુ ભવ્યોની મધ્યમાં-અંદરમાં રહેલા છે : મધ્યસ્થ છે. અને શરીરની મધ્યમાં રહેલી વસ્તુ એ શરીરનો નાશ કરે જ. જેમ શરીરની અંદર રહેલો જઠરાગ્નિ એ શરીરનો નાશ કરી શકે છે. (માણસ ખોરાક બંધ કરે તો એ જઠરાગ્નિ માણસના શરીરને ખાઈ જાય. માટે જ નહિ ખાનારાઓ કૃશ થઈને અંતે મરી જાય છે.) એટલે પ્રભુ પણ શરીરની અંદર રહીને શરીરનો વિનાશ કરનારા બને તો એ ખોટું નથી.

आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्ध्या ।

ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ।

पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं ।

किं नाम नो विषविकारमपाकरोति ॥१७॥

अन्वय : जिनेन्द्र ! मनीषिभिः अयं आत्मा त्वद्-अभेदबुद्ध्या ध्यातः भवत्प्रभावः इह भवति । नाम पानीयं अपि 'अमृतं' इति अनुचिन्त्यमानं विषविकारं किं नो अपाकरोति ? ॥१७॥

પરિચય : मनीषिन्=બુદ્ધિમાન मनीषा=બુદ્ધિ पानीय=પાણી नाम=પ્રસિદ્ધ અર્થ માટે.

અર્થ : જિનેન્દ્ર ! બુદ્ધિશાળીઓ વડે આ આત્મા તમારી સાથેના અભેદની બુદ્ધિથી ધ્યાન કરાયેલો છતો આપના જેવા જ પ્રભાવવાળો આ લોકમાં જ બની જાય છે અને આ પ્રસિદ્ધ જ છે કે પાણી પણ 'અમૃત' એ પ્રમાણે વારંવાર વિચારાતું છતું વિષના વિકારને શું દૂર નથી કરતું ? અર્થાત્ કરે જ છે.

સમાસ : (૧) त्वया (सह) अभेदः इति त्वदभेदः, तस्य बुद्धिः

इति त्वदभेदबुद्धिः, तया (२) भवतः प्रभावः इव प्रभावः यस्य स भवत्प्रभावः । (३) विषस्य विकारः इति विषविकारः, तम् ।

ભાવાર્થ : બુદ્ધિમાનો પોતાનો આત્મા પરમાત્મારૂપ(=તારા રૂપ) ન હોવા છતાં 'મારો આત્મા જ પરમાત્મા છે' એમ પ્રભુ સાથે અભેદભાવથી વિચારણા કરે છે. આ રીતે ધ્યાન કરવાથી જ એમનો આત્મા ખરેખર પરમાત્મા બની જાય છે. 'શું આ રીતે પરમાત્મા ન હોય એવો પણ આત્મા 'પરમાત્મા' તરીકે વિચારાય એટલે પરમાત્મા બની જાય ? પરમાત્માનું કામ કરે ?' આ વિરોધ છે.

કવિ સ્વયં સમાધાન આપે છે કે પાણી અમૃતરૂપ ન હોવા છતાં જો 'અમૃત' તરીકે વિચારીને પીવામાં આવે તો એ અમૃત બની જાય છે. અમૃત જેમ ઝેરના વિકારોને દૂર કરે એમ આપનું નામ પણ ઝેરના વિકારોને દૂર કરે છે. અને આવા પ્રસંગો બન્યા પણ છે જ.

त्वामेव वीततमसं परवादिनोऽपि ।
नूनं विभो ! हरिहरादिधिया प्रपन्नाः ।
किं काचकामलिभिरीश ! सितोऽपि शंखो ।
नो गृह्यते विविधवर्णविपर्ययेण ॥१८॥

अन्वय : विभो ! नूनं परवादिनः अपि हरिहरादिधिया त्वां एव वीततमसं प्रपन्नाः, ईश ! सितः अपि शंखः काचकामलिभिः विविधवर्णविपर्ययेण किं नो गृह्यते ? ॥१८॥

પરિચય : परवादिन्=અજૈન हरि=વિષ્ણુ हर=શંકર तमस्= અંધકાર, અજ્ઞાન वीत=નીકળી ગયેલ, દૂર થયેલ काचकामलि= કમળાનો રોગી सित=શ્વેત विपर्यय=ભ્રમ.

અર્થ : હે વિભુ ! ખરેખર અજૈનો પણ વિષ્ણુ, શંકર વગેરેની બુદ્ધિથી તમને જ 'અંધકાર-અજ્ઞાનથી રહિત' તરીકે સ્વીકારનારા છે.

…ફેદ એવો પણ શંખ કમળાના રોગીઓ વડે જુદા જુદા રંગોના ભ્રમ વડે શું ગ્રહણ નથી કરતો ? (નથી જણાતો ?)

સમાસ : (१)वीतं तमः यस्मात् स वीततमाः, तम् (२) परे च ते वादिनश्च इति परवादिनः (३) हरिश्च हरश्च इति हरिहरौ । हरिहरौ आदौ येषां ते हरिहरादयः, तेषां धीः इति हरिहरादिधीः, तया (४) विविधाश्चामी वर्णाश्च इति विविधवर्णाः, तेषां विपर्ययः इति विविधवर्णविपर्ययः, तेन ।

ભાવાર્થ : શંખ એક જ છે અને એ સફેદ છે, છતાં કમળાનો રોગી એને પીળો શંખ, લાલ શંખ વગેરે સ્વરૂપે ઓળખે છે. હવે એ રોગી જેને પીળો શંખ કહે છે એ પણ ખરેખર તો શ્વેત શંખ જ છે. જેને રોગી લાલ શંખ કહે છે એ પણ ખરેખર તો શ્વેત શંખ જ છે. એટલે રોગી પોતાના વર્ણોના ભ્રમજ્ઞાન દ્વારા પણ શ્વેત શંખને જ જાણે છે. એમ વાસ્તવિક ઈશ્વર તો પરમાત્મા વીતરાગ જ છે. એ જ અનંત જ્ઞાનાદિ ઐશ્વર્યવાળા છે. પણ જેઓને મિથ્યાત્વરૂપી રોગ વળગ્યો છે તેઓ એમ બોધ કરે છે કે 'મારા ઈશ્વર અનાદિ છે, મારા ઈશ્વર જગત્કર્તા છે.' આમાં ઈશ્વર તરીકે તો પ્રભુ જ છે. એમના સિવાય બીજું કોઈ નથી. માત્ર પેલાના મિથ્યાત્વરોગને કારણે એ ઈશ્વરમાં અનાદિપણું, જગત્કર્તૃત્વ વગેરેનો ભ્રમ એને ઉત્પન્ન થાય છે. પણ એ ભ્રમજ્ઞાનનો વિષય તો પ્રભુ તું જ છે, કેમકે 'ઈશ્વર' તરીકે તેઓ ભલે શંકર, વિષ્ણુ વગેરેને માને, હકીકતમાં ઈશ્વર= કેવલજ્ઞાનાદિ ઐશ્વર્યવાળા તો આપ જ છો.

धर्मोपदेशसमये सविधानुभावात् ।
आस्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि ।
किं वा विबोधमुपयाति न जीवलोकः ॥१९॥

अन्वय : धर्मोपदेशसमये ते सविधानुभावात् जनः आस्तां तरुः

अपि अशोकः भवति । अभ्युद्गते दिनपतौ समहीरुहः अपि जीवलोकः विबोधं किं न उपयाति ? ॥१९॥

પરિચય : धर्मोपदेशसमय=સમવસરણમાં દેશના અપાય ત્યારનો
सविध=સામીપ્ય, સાન્નિધ્ય अशोक=શોક રહિત, અશોક વૃક્ષ
पति=સૂર્ય अभ्युद्गत=ઉગેલો महीरुह=વૃક્ષ विबोध=જાગવું તે.

અર્થ : ધર્મદેશનાના સમયે આપના સાન્નિધ્યના પ્રભાવથી લોક તો દૂર રહો, (પરંતુ) વૃક્ષ પણ અશોક થાય છે. (શોક વિનાનું થાય છે.) અથવા તો સૂર્ય ઉગતે છતે વૃક્ષસહિત પણ આખો લોક શું જાગરણને નથ પામતો ?

સમાસ : (१) धर्मस्य उपदेशः इति धर्मोपदेशः, तस्य समयः इति धर्मोपदेशसमयः, तस्मिन् (२) सविधस्य अनुभावः इति सविधानुभावः, तस्मात् (३) न विद्यते शोकः यस्य स अशोकः (४) दिनस्य पतिः इति दिनपतिः, तस्मिन् (५) महीरुहैः सह वर्तते इति समहीरुहः ।

ભાવાર્થ : સમવસરણમાં પ્રભુની ઉપર અશોક નામનું વૃક્ષ હોય છે. એટલે એ પદાર્થને લઈને કવિ અહીં શબ્દછળ કરે છે. સમવસરણમાં લોકો તો અશોક=શોકરહિત થાય જ છે પણ વૃક્ષ પણ 'અશોક' થાય છે. કોઈક કવિને પૂછે કે 'વૃક્ષને તો શોક થવો, શોક જવો- આ બધું શક્ય નથી. તમે શી રીતે આ વાત કરી ?' ત્યારે કવિ શબ્દછળથી ઉત્તર આપી શકે કે ત્યાં વૃક્ષ તરીકે અશોક નામનું જ વૃક્ષ છે ને ? એટલે સમવસરણમાં વૃક્ષ 'અશોક' હોય છે એ વાત આ દૃષ્ટિએ સાચી જ છે.

આ વાતના સમર્થન માટે કવિ દૃષ્ટાન્ત આપે છે કે સૂર્ય ઉગે ત્યારે કમળ વગેરે વનસ્પતિ અને લોક આ બે ય વિબોધ પામે છે એમ સૂર્ય જેવા પ્રભુ ઉગે એટલે લોકો અને વૃક્ષ એ બે ય 'અશોક' બને છે.

અહીં વૃક્ષ એકદમ ખીલેલું, લીલુંછમ હોય એને પણ 'અશોક' તરીકે ઘટાવી શકાય. અર્થાત્ કવિ કહે છે કે સમવસરણમાં અશોક વૃક્ષના

પાંદડા ક્યારેય કરમાયેલા ન હોય, આખું વૃક્ષ ખીલેલું હોય એટલે એ દૃષ્ટિએ પણ એને 'અશોક' કહી શકાય.

चित्रं विभो ! कथमवाङ्मुखवृन्तमेव ।
विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ।
त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश !
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ॥२०॥

अन्वय : विभो ! अविरला सुरपुष्पवृष्टिः विष्वक् अवाङ्मुखवृन्तं एव कथं पतति, चित्रं यदि वा मुनीश ! त्वद्गोचरे सुमनसां बन्धनानि नूनं हि अध एव गच्छन्ति ॥२०॥

પરિચય : विरल=છુટીછવાયી, ક્યારેક થાય તે अविरल=સતત विष्वक्=ચારે બાજુ अवाङ्मुख=નીચા મુખવાળું चित्रं=આશ્ચર્ય गोचर=સામીપ્ય सुमनस्=પુષ્પ, પંડિત, દેવ.

અર્થ : હે વિભુ ! સતત થનારી દેવોની પુષ્પવૃષ્ટિ 'જેમાં ડીટું એ નીચેની તરફ રહે' એ રીતે શા માટે પડે છે ? આશ્ચર્ય છે અથવા તો હે મુનિઓના સ્વામિન્ ! તમારી નજીકમાં પુષ્પ, પંડિત અને દેવોના બંધનો ખરેખર નીચે જ જાય છે.

સમાસ : (१) न विरला इति अविरला (२) पुष्पाणां वृष्टिः इति पुष्पवृष्टिः । सुराणां पुष्पवृष्टिः इति सुरपुष्पवृष्टिः (३) अवाङ्मुखं वृन्तं यस्मिन्कर्मणि यथा स्यात् तथा इति अवाङ्मुखवृन्तं (पतति ક્રિયાપદનું વિશેષણ) (४) तव गोचरः इति त्वद्गोचरः, तस्मिन् (५) सुष्ठु मनः येषां ते सुमनसः, तेषाम् ।

ભાવાર્થ : સામાન્યથી જો ઉપરથી પુષ્પ ફેંકવામાં આવે તો 'પાંદડીઓવાળો ભાગ નીચેની તરફ અને પુષ્પની દાંડીવાળો ભાગ ઉપરની તરફ રહે' એ રીતે પુષ્પ પડે. પણ સમવસરણમાં તો દાંડીવાળો ભાગ=વૃન્ત એ નીચેની તરફ રહે છે અને પાંદડીઓવાળો ભાગ ઉપરની

તરફ રહે છે. જમીન ઉપર પહોંચ્યા પછી પણ એ જ રીતે રહે છે. આ આશ્ચર્ય જ છે.

પણ કવિ સ્વયં એનું સમાધાન આપે છે કે દેવો, પંડિતો અને પુષ્પો ત્રણેય 'सुमनस्' તરીકે ઓળખાય છે. એમાં પ્રભુની નજીકમાં દેવો અને પંડિતોના કર્મરૂપી બંધનો નીચે જતા રહે છે, નાશ પામે છે, હલકા થાય છે. તો પુષ્પો પણ સુમનસ્ જ છે. એનું વૃન્ત એ પુષ્પોના બંધન સમાન જ છે. એ વૃન્તને આધારે જ પુષ્પ બંધાય છે, તૈયાર થાય છે. એટલે सुमनस् એવા પુષ્પોના વૃન્ત=બંધન નીચા જ જાય તો એમાં હવે કોઈ આશ્ચર્ય નથી.

स्थाने गभीरहृदयोदधिसंभवायाः ।
पीयूषतां तव गिरः समुदीरयन्ति ।
पीत्वा यतः परमसंमदसंगभाजो ।
भव्या व्रजन्ति तरसाप्यजरामरत्वम् ॥२१॥

अन्वय : (यत्) गभीरहृदय-उदधिसंभवायाः तव गिरः पीयूषतां समुदीरयन्ति (तत्) स्थाने । यतः पीत्वा परमसंमदसंगभाजः भव्याः तरसा अपि अजरामरत्वं व्रजन्ति ॥२१॥

પરિચય : गभीर=ગંભીર संभव=ઉત્પત્તિ पीयूष=અમૃત संमद=આનંદ तरसा=ઝડપથી (અવ્યય) अजरामरत्व=ઘડપણ અને મરણનો અભાવ.

અર્થ : ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી ઉત્પત્તિ પામનારી એવી તારી વાણીના અમૃતપણાને (વિદ્વાનો) કહે છે (તે) યોગ્ય જ છે, (સ્થાનમાં છે=યોગ્ય છે) કેમકે (તે વાણીરૂપી અમૃતને) પીને પરમ આનંદના સંગને ભજનારા ભવ્ય જીવો ઝડપથી અજરામરપણાને પામે છે.

સમાસ : (१) गभीरं च तत् हृदयं च इति गभीरहृदयं, तदेव उदधिः इति गभीरहृदयोदधिः, तस्मात् संभवः यस्याः सा

गभीरहृदयोदधिसंभवा, तस्याः (२) पीयूषस्य भावः इति पियूषता, ताम् (३) परमश्चासौ संमदश्च इति परमसंमदः, तस्य संगः इति परमसंमदसंगः, तं भजन्ते इति परमसंमदसंगभाजः । (४) जरा च मरश्च इति जरामरौ, न विद्येते जरामरौ यस्य : अजरामरः, तस्य भावः अजरामरत्वं, तत् (मर=મરણ) ।

ભાવાર્થ : સમુદ્ર ગંભીર છે. પ્રભુનું હૃદય પણ સમુદ્ર જેવું ગંભીર છે. સમુદ્રમાંથી અમૃત નીકળે છે. પ્રભુના હૃદયસમુદ્રમાંથી વાણી નીકળે છે. લોકો એને પણ અમૃત કહે છે. અને એ યોગ્ય જ છે, કેમકે જેમ અમૃત પીવાથી લોકો ખુશ થાય અને અજરામરપણાને પામે છે તેમ આ વાણીને પીને પણ લોકો ખુશ થાય છે અને અજરામરપણાને પામે છે. એટલે વાણી અમૃતનું જ કામ કરે છે અને અમૃતના કારણભૂત સમુદ્ર જેવા હૃદયમાંથી જ ઉત્પન્ન થાય છે એટલે એને અમૃત કહેવામાં કોઈ જ વાંધો નથી.

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो ।
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय ।
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥२२॥

अन्वय : स्वामिन् ! मन्ये शुचयः सुरचामरौघाः सुदूरं अवनम्य समुत्पतन्तः वदन्ति, ये अस्मै मुनिपुङ्गवाय नतिं विदधते ते खलु शुद्धभावाः नूनं ऊर्ध्वगतयः ॥२२॥

પરિચય : शुचि=પવિત્ર ओघ=સમૂહ सुदूरं=અત્યંત पुङ्गव=શ્રેષ્ઠ नति=વંદન ऊर्ध्वगति=ઊંચે જનાર.

અર્થ : હે સ્વામિન્ ! હું માનું છું કે પવિત્ર એવા દેવોના ચામરોના સમૂહો અત્યંત નમીને ઊંચા જતા છતાં બોલે છે કે 'જેઓ આ શ્રેષ્ઠ મુનિને વંદન કરશે તેઓ ખરેખર શુદ્ધભાવવાળા થયેલા છતાં ઊર્ધ્વગતિને પામનારા બનશે.'

સમાસ : (१) सुराणां चामराणि इति सुरचामराणि, तेषां ओघाः इति सुरचामरौघाः । (२) पुंसु गौः इव इति पुंगवः । मुनिषु पुंगवः इति मुनिपुंगवः, तस्मै (३) शुद्धः भावः येषां ते इति शुद्धभावाः ।

ભાવાર્થ : દેવો ચામરો વીંઝે એટલે પ્રથમ તો છેક નીચે સુધી ચામરો જાય અને પછી પાછા ઉપરની તરફ આવે. કવિએ માત્ર આટલા અંશને પકડીને આ શ્લોક બનાવ્યો છે. ચામરો જાણે કે કહે છે કે હું ખૂબ નમ્યો તો હું પછી ઊંચે ગયો એમ તમે પણ જો આ પ્રભુને ખૂબ નમશો તો તમે પણ સ્વર્ગ અને મોક્ષમાં જશો. તથા હું એકદમ શ્વેત-શુદ્ધ છું એમ તમે પણ નમવાથી શુદ્ધભાવવાળા બનશો અને પછી મોક્ષે જશો.

અહીં गौ=વૃષભ અર્થ લેવો. જેમ વૃષભ બધો ભાર ખેંચે તેમ પ્રભુ તમામ પુરુષ ... સૌથી વધુ ભાર=જવાબદારી ઉપાડનારા હોવાથી पुंगव= પુરુષોમાં વૃષભ સમાન કહેવાય છે.

श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥२३॥

अन्वय : भव्यशिखंडिनः इह उज्ज्वलहेमरत्नसिंहासनस्थं गभीरगिरं श्यामं त्वां चामीकर-अद्रिशिरसि उच्चैः नदन्तं नवाम्बुवाहं इव रभसेन आलोकयन्ति ॥२३॥

પરિચય : शिखंडिन्=મોર चामीकराद्रि=સુવર્ણપર્વત, મેરુ रभस= આતુરતા अम्बुवाह=વાદળ.

અર્થ : ભવ્ય જીવોરૂપી મોરલાઓ આ સમવસરણમાં ઉજ્જ્વલ એવા સુવર્ણ અને રત્નોથી બનેલા સિંહાસન ઉપર બેઠેલા, ગંભીર વાણીવાળા, શ્યામ એવા આપને મેરુપર્વતના મસ્તક ઉપર ઊંચેથી અવાજ કરતા નવા વાદળની જેમ આતુરતાપૂર્વક જુએ છે.

સમાસ : (१) भव्याः एव शिखंडिनः इति भव्यशिखंडिनः (२) हेमानि च रत्नानि च इति हेमरत्नानि । हेमरत्नानां सिंहासनं इति हेमरत्नसिंहासनं । उज्ज्वलं च तत् हेमरत्नसिंहासनं च इति उज्ज्वल-हेमरत्नसिंहासनं, तस्मिन् तिष्ठतीति उज्ज्वलहेमरत्नसिंहासनस्थः, तम् । (३) गभीरा गीः यस्य स गभीरगीः, तम् (४) चामीकरस्याद्रिः इति चामीकराद्रिः, तस्य शिरः इति चामीकराद्रिशिरः, तस्मिन् (५) अम्बु वहति इति अम्बुवाहः, तम् ।

ભાવાર્થ : પાર્શ્વનાથ પ્રભુ શ્યામ છે. નવું વાદળ શ્યામ છે. પ્રભુ સુવર્ણના સિંહાસન ઉપર છે. વાદળ સુવર્ણના પર્વતની ઉપર છે. પ્રભુ ગંભીર વાણીવાળા છે. વાદળ ગંભીર ગર્જનાવાળું છે. આમ વાદળ અને પ્રભુમાં ઘણી સમાનતા છે. હવે મોરલાઓ આવા વાદળોને આતુરતાથી જુએ છે એ પ્રસિદ્ધ જ છે. તો ભવ્ય જીવોરૂપી મોરલાઓ વાદળ સમાન પ્રભુને આતુરતાથી જુએ એ પણ યોગ્ય જ છે.

उद्गच्छता तव शितिद्युतिमण्डलेन ।
लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।
सान्निध्यतोऽपि यदि वा तव वीतराग !
नीरागतां व्रजति को न सचेतनोऽपि ॥२४॥

अन्वय : तव उद्गच्छता शितिद्युतिमण्डलेन लुप्तच्छद-च्छविः अशोकतरुः बभूव । यदि वा वीतराग ! तव सान्निध्यतः अपि सचेतनः अपि कः नीरागतां न व्रजति ? ॥२४॥

પરિચય : शिति=શ્યામ उद्गच्छत्=ઊંચે જતું छद=પર્ણ छवि=કાંતિ सचेतन=સજીવ सान्निध्य=નજીકપણું, સમીપતા.

અર્થ : તમારા ઉપરની તરફ જતા એવા શ્યામકાંતિના સમૂહ વડે અશોકવૃક્ષ 'લોપાઈ ગઈ છે પર્ણોની કાંતિ જેની' એવું થયું. અથવા તો હે વીતરાગ ! આપના સાન્નિધ્યમાત્રથી પણ સજીવ એવો પણ કયો પદાર્થ

નીરાગતાને=રાગરહિતતાને ન પામે ?

સમાસ : (१) शितिश्चासौ द्युतिश्च इति शितिद्युतिः, तस्याः मंडलं इति शितिद्युतिमंडलं, तेन (२) छदानां छविः इति छदच्छविः । लुप्ता छदच्छविः यस्य स लुप्तच्छदच्छविः । (३) निर्गतः रागः यस्मात् स नीरागः, तस्य भावः नीरागता, ताम् (४) चेतनेन सह वर्तते इति सचेतनः ।

ભાવાર્થ : રાગ શબ્દના બે અર્થ છે : શ્વેત વગેરે રંગ અને જીવમાં ઉત્પન્ન થતો રાગપરિણામ. કવિએ અહીં પણ શબ્દછળ કર્યું છે. પ્રથમ બે પાદમાં બતાવ્યું કે અશોકવૃક્ષના લાલરાગ=રંગ=છવિવાળા પર્ણો પ્રભુની શ્યામ કાંતિને કારણે રાગ-રંગ-છવિ વિનાના થઈ ગયા. અને પછીના બે પાદમાં કહે છે કે સચેતન એવો પણ પદાર્થ જો પ્રભુના સાન્નિધ્યથી નીરાગતા=રાગપરિણામના અભાવને પામે તો જડ એવા પર્ણો તો નીરાગતા=રંગના અભાવને પામે એમાં શું આશ્ચર્ય છે. ટૂંકમાં 'नीरागता' શબ્દના બે અર્થો લઈને કવિએ પોતાની કવિત્વ શક્તિ બતાવી છે.

भो भोः प्रमादमवधूय भजध्वमेन-
मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।
एतन्निवेदयति देव ! जगत्त्रयाय ।
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥२५॥

अन्वय : देव ! मन्ये ते सुरदुन्दुभिः अभिनभः नदन् जगत्त्रयाय एतत् निवेदयति, भोः भोः प्रमादं अवधूय आगत्य एनं निर्वृतिपुरीं प्रति सार्थवाहं भजध्वम् ॥२५॥

પરિચય : दुन्दुभि=એક પ્રકારનું વાજીંત્ર अभिनभस्=આકાશમાં, આકાશને વ્યાપીને निर्वृतिपुरी=મોક્ષનગરી.

અર્થ : દેવ ! હું માનું છું કે તમારી દેવદુંદુભિ આકાશમાં ગર્જના કરતી છતી ત્રણ જગતને આ પ્રમાણે નિવેદન કરે છે કે 'હે લોકો ! તમે

પ્રમાદને છોડીને, (અહીં) આવીને મોક્ષનગરી તરફ (જવાને માટે) સાર્થવાહ સમાન આ સ્વામીને ભજો.'

સમાસ : (१) सार्थं वहतीति सार्थवाहः, तम् (२) जगतां त्रयं इति जगत्त्रयं, तस्मै (३) सुराणां दुन्दुभिः इति सुरदुन्दुभिः ।

ભાવાર્થ : જુના જમાનામાં એક નગરીમાંથી બીજી નગરીમાં જવું ખૂબ કપરું હતું. રસ્તામાં લૂંટારા વગેરેનો ભય રહેતો. એટલે જ્યારે કોઈ શક્તિશાળી સાર્થવાહ બીજી નગરીમાં સાર્થ લઈને જતો હોય ત્યારે એ નગરીમાં જવાની ઈચ્છાવાળા એ સાર્થવાહની સાથે જોડાઈ જતા, એના શરણે જતા.

મોક્ષનગરીમાં પહોંચવું પણ અત્યંત કપરું છે. પ્રભુ ત્યાં લઈ જનારા સાર્થવાહ છે. એટલે ત્યાં જવાની ઈચ્છાવાળાઓએ પ્રભુને ભજવા જ પડે. આ દુંદુભિનો નાદ એ માત્ર નાદ નથી પણ લોકોને આ વાતની જાણ કરતી ઘોષણા જ છે.

उद्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ताकलापकलितोल्लसितातपत्र-
व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥२६॥

अन्वय : नाथ ! भवता भुवनेषु उद्योतितेपु तारान्वितः अयं विधुः विहताधिकारः मुक्ताकलापकलित-उल्लसित-आतपत्रव्याजात् त्रिधा धृततनुः ध्रुवं अभ्युपेतः ॥२६॥

પરિચય : उद्योतित=પ્રકાશિત કરાયેલ तारान्वित=તારાઓ વડે યુક્ત मुक्ता=મોતી कलाप=સમૂહ उल्लसित=તેજસ્વી, ઉલ્લાસવાળું आतपत्र=ચામર व्याज=બહાનું.

અર્થ : નાથ ! આપના વડે ત્રણેય ભુવનો પ્રકાશિત કરાયે છતે

તારાઓથી પરિવરેલો આ ચંદ્ર હણાયેલા અધિકારવાળો થયેલો છતો, મોતીઓના સમૂહોથી યુક્ત, તેજસ્વી છત્રના બહાનાથી ત્રણ પ્રકારે ધારણ કરાયેલા શરીરવાળો (બનીને) નક્કી અહીં આવ્યો છે.

સમાસ : (१) ताराभिः अन्वितः इति तारान्वितः (२) विहतः अधिकारः यस्य स विहताधिकारः (३) मुक्तानां कलापः इति मुक्ताकलापः, तेन कलितानि इति मुक्ताकलापकलितानि । मुक्ताकलापकलितानि च तानि उल्लसितातपत्राणि च इति मुक्ताकलापकलितोल्लसितातपत्राणि, तेषां व्याजः, तस्मात् । उल्लसितानि च तानि आतपत्राणि च इति उल्लसितातपत्राणि । आतपात् त्रायन्ते इति आतपत्राणि । (४) धृता तनुः येन स धृततनुः ।

ભાવાર્થ : રાત્રે લોકમાં પ્રકાશ કરવાનો અધિકાર=કામગીરી તારાથી યુક્ત ચન્દ્રની હતી. પણ પ્રભુ આવ્યા બાદ પ્રભુ જ રાત્રે પણ સર્વત્ર (ભાવ) પ્રકાશ ફેલાવવા લાગ્યા. એટલે ચંદ્રનો લોકને પ્રકાશિત કરવાનો અધિકાર હણાઈ ગયો. એટલે ચંદ્ર વિચારે છે કે 'મારું હવે આ આકાશમાં કંઈ કામ નથી વળી હવે હું કામ કરતો ન હોવાથી લોકો મારી સામે પણ જોતાં નથી તો મારે મારું અસ્તિત્વ ટકાવવા માટે પ્રભુ પાસે જ જવું પડશે.' એમ વિચારી ચંદ્ર પ્રભુ પાસે આવ્યો છે.

કોઈ કવિને પૂછે કે જો ચંદ્ર પ્રભુ પાસે આવ્યો છે તો દેખાડો તો ખરા? ક્યાં છે? એટલે કવિ કહે છે કે ચંદ્રે પોતાના શરીરને ત્રણ છત્ર રૂપે ધારણ કર્યું છે. અર્થાત્ આ પ્રભુની ઉપર દેખાતા છત્રો એ છત્ર નથી પણ ચંદ્રનું જ ત્રણ ભાગમાં વહેંચાયેલું શરીર છે.

વળી કોઈ પૂછે કે ચંદ્રના પરિવારભૂત પેલા તારાઓ ક્યાં છે? એટલે ઉત્તર આપે છે કે આ જે છત્રમાં મોતીઓના ઝુમખાઓ લટકતા દેખાય છે એ જ તારલાઓ છે.

આ રીતે આ શ્લોકનું રહસ્ય સમજવું.

स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन ।
कान्तिप्रतापयशसामिव संचयेन ।
माणिक्यहेमरजतप्रविनिर्मितेन ।
सालत्रयेण भगवन्नभितो विभासि ॥२७॥

अन्वय : भगवन् ! माणिक्यहेमरजतप्रविनिर्मितेन स्वेन प्रपूरितजगत्त्रयपिंडितेन कांतिप्रतापयशसां संचयेन इव सालत्रयेण अभितः विभासि ॥२७॥

પરિચય : अभितस्=ચારેબાજુ माणिक्य=હીરો रजत=ચાંદી साल=કિલ્લો.

અર્થ : હે ભગવન્ ! રત્ન, સુવર્ણ અને ચાંદી વડે બનેલા (માટે જ) આપના પોતાના જ ત્રણ જગતને પૂરી દેનારા અને (પૂરી દીધા બાદ) પિંડરૂપે થયેલા કાન્તિ, પ્રતાપ અને યશના સંચય હોય એવા ત્રણ ગઢ વડે આપ ચારેબાજુ શોભો છો.

સમાસ : (१) माणिक्यानि च हेमानि च रजतानि च इति माणिक्यहेमरजतानि, तैः प्रविनिर्मितं इति माणिक्यहेमरजतप्रवि-निर्मितं, तेन (२) सालानां त्रयं इति सालत्रयं, तेन (३) जगतां त्रयं इति जगत्त्रयं । प्रपूरितं जगत्त्रयं येन स इति प्रपूरितजगत्त्रयः । प्रपूरितजगत्त्रयश्चासौ पिंडितश्च इति प्रपूरितजगत्त्रयपिंडितः, तेन (४) कान्तिश्च प्रतापश्च यशः च इति कान्तिप्रतापयशांसि, तेषाम् ।

ભાવાર્થ : કાન્તિ શ્વેત વર્ણવાળી, પ્રતાપ પીળા-લાલ વર્ણવાળો અને યશ એ શ્વેત વર્ણવાળા તરીકે ઉપમા અપાય છે. પ્રભુના આ ત્રણેય પદાર્થો ત્રણેય ભુવનમાં સર્વત્ર વ્યાપી ગયા હતા. આ ત્રણ ભુવનો પૂરાઈ ગયા છતાં હજી તો આ ત્રણેય પદાર્થો પુષ્કળ પ્રમાણમાં વધેલા હતા. હવે એને ક્યાં રાખવા ? એટલે એ ત્રણેય પદાર્થો એકદમ ગાઢ પિંડ રૂપે બની ગયા. એમાં કાંતિ પિંડરૂપે બની રત્નના ગઢ તરીકે, પ્રતાપ પિંડ રૂપે બની

સુવર્ણના ગઢ તરીકે અને યશ પિંડ રૂપે બની ચાંદીના ગઢ તરીકે ગોઠવાઈ ગયા. અને એ ત્રણે ગઢો વડે પરિવરેલા પ્રભુ ચારેબાજુ શોભી રહ્યા છે.

અર્થાત્ આ ત્રણ ગઢ એટલે બીજું કંઈ નથી પણ આખા જગતને પૂરી દીધા પછી પણ બાકી વધેલા કાન્તિ, પ્રતાપ અને યશનો પિંડ જ છે.

આના દ્વારા કવિ એ સૂચવે છે કે પ્રભુના કાંતિ, પ્રતાપ, યશ ત્રણ ભુવનમાં વ્યાપી ચૂક્યા છે.

दिव्यस्त्रजो जिन ! नमत्त्रिदशाधिपाना-
मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान् ।
पादौ श्रयन्ति भवतो यदिवा परत्र ।
त्वत्संगमे सुमनसो न रमन्त एव ॥२८॥

अन्वय : जिन ! नमत्त्रिदश-अधिपानाम् दिव्यस्त्रजः रत्नरचितान् मौलिबन्धान् अपि उत्सृज्य भवतः पादौ श्रयन्ति । यदिवा सुमनसः त्वत्-संगमे परत्र न रमन्त एव ॥२८॥

પરિચય : त्रिदश=દેવ मौलि=મસ્તક मौलिबन्ध=મુગટ.

અર્થ : હે જિન ! નમન કરતા દેવેન્દ્રોની દિવ્ય માળાઓ રત્નોથી રચેલા એવા પણ મુગટોને છોડી આપના ચરણોનો આશ્રય લે છે (આપના ચરણોમાં પડે છે.) અથવા તો सुमनस्=દેવો, પંડિતો અને પુષ્પો તમારો સંગમ થયે છતે બીજે રમતા નથી. (બીજે ક્યાંય રૂચિવાળા બનતા નથી.)

સમાસ : (१) दिव्याश्च ताः स्त्रजः च इति दिव्यस्त्रजः (२) नमन्तश्चामी त्रिदशाधिपाः च इति नमत्त्रिदशाधिपाः, तेषाम् । त्रिदशानां अधिपाः इति त्रिदशाधिपाः । तिस्रः दशाः येषां ते त्रिदशाः । (३) मौलौ बन्धः येषां ते मौलिबन्धाः, तान् (४) तव संगमः इति त्वत्संगमः, तस्मिन् ।

ભાવાર્થ : ઈન્દ્રો નમે એટલે સહજ રીતે એમના મુગટમાં રહેલી પુષ્પમાળા એ મુગટમાંથી નીકળીને પ્રભુના ચરણોમાં પડે. આ

સ્વાભાવિક બાબતને કવિ બીજી જ રીતે ઘટાવે છે કે એ માળાઓ મુગટોને છોડીને ચરણોના શરણે જાય છે. પણ ના, જેમ દેવો અને પંડિતો પ્રભુનો સંગમ થયા બાદ બીજે ક્યાંય આનંદ ન પામે તેમ આ પુષ્પમાળા પણ સુમનસ્ હોવાથી એ પણ પ્રભુના ચરણોમાં રમે, મુગટોને ત્યાગે તો એમાં આશ્ચર્ય નથી.

અહીં મુગટો માથા ઉપર બંધાય છે એટલે તેઓ 'मौलिबन्ध' કહેવાય. અને દેવોની બાળદશા, યુવાદશા અને વૃદ્ધદશા જુદી જુદી નથી હોતી, એમને કાયમ માટે એક જ દશા હોય છે એટલે એમ કહેવાય કે દેવોને ત્રણેય દશા સાથે છે એટલે તેઓ 'त्रिदश' કહેવાય છે.

त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि ।
यत्तारयस्यसुमतो निजपृष्ठलग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव ।
चित्रं विभो ! यदसि कर्मविपाकशून्यः ॥२९॥

अन्वय : नाथ ! त्वं जन्मजलधेः विपराङ्मुखः अपि निजपृष्ठलग्नान् असुमतः यत् तारयसि पार्थिवनिपस्य सतः तव एव हि युक्तं । चित्रं विभो ! यत् कर्मविपाकशून्यः असि ॥२९॥

પરિચય : पृष्ठ=પીઠ, પાછળ असुमत्=જીવ, પ્રાણયુક્ત असु=પ્રાણ पार्थिव=માટીનો બનેલો હોય તે निप=ઘડો कर्म=પકવવાની ક્રિયા, અષ્ટકર્મ विपाक=પકવવાની ક્રિયાથી ઉત્પન્ન થતી લાલાશ વગેરે, કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં સુખ-દુઃખાદિ.

અર્થ : હે નાથ ! તું જન્મરૂપી સમુદ્રથી અત્યંત પરાङ્મુખ (અવળા મુખવાળા) હોવા છતાં પણ તારી પીઠ ઉપર લાગેલા=તારી પાછળ લાગેલાઓ (તારા શરણે આવેલા)ને જે તારે છે એ માટીના ઘડા જેવા સજ્જન એવા તને જ આ યોગ્ય છે. આશ્ચર્ય માત્ર એટલું જ છે કે હે વિભુ ! તું કર્મના વિપાકથી શૂન્ય છે.

સમાસ : (१) जन्म एव जलधिः इति जन्मजलधिः, तस्मात् (२) निजस्य पृष्ठं इति निजपृष्ठं, तस्मिन् लग्नाः इति निजपष्ठलग्नाः, तान् (३) पार्थिवश्चासौ निपश्च इति पार्थिवनिपः, तस्य (४) पार्थिवः निपः इव इति पार्थिवनिपः । (५) कर्मणः विपाकः इति कर्मविपाकः, तेन शून्यः इति कर्मविपाकशून्यः ।

ભાવાર્થ : અત્યંત ગૂઢ અર્થવાળો આ શ્લોક છે. શબ્દછળ પણ છે. અને અર્થોની ગંભીરતા પણ છે. ક્રમશઃ આપણે અર્થો જોઈશું.

સમુદ્રમાં ડૂબતા માણસને બચાવવા માટે સમુદ્રમાં પડવું પડે, એને પકડીને બહાર કાઢવો પડે. જે સમુદ્રમાં પડે નહિ, સમુદ્રથી પરાङ्મુખ રહે એ શી રીતે ડૂબતાઓને તારી શકે ? પ્રભુ સંસારસમુદ્રથી તદ્દન પરાङ્મુખ છે. સિદ્ધશિલામાં જઈને બેઠા છે તો તે શી રીતે પોતાની પાછળ લાગેલાઓને તારે ? છતાં તારે છે એ આશ્ચર્ય છે.

હવે આનો ઉત્તર કવિ જ આપે છે. માટીનો પકાવેલો ઘડો જો સમુદ્રમાં કે નદીમાં નાંખવામાં આવે અને એનું મોઢું ઉપરની તરફ હોય. સમુદ્રથી પરાङ્મુખ એ ઘડો હોય તો એના ઉપર લાગેલો વ્યક્તિ તરી શકે છે. એટલે સમુદ્રથી પરાङ્મુખ એવી પણ વસ્તુ સમુદ્રથી પોતાની પીઠ પાછળ લાગેલાને તારે છે એમ જન્મસમુદ્રથી પરાङ્મુખ પણ પ્રભુ પોતાની પાછળ લાગેલાને (શરણે આવેલાઓને) તારે એ યોગ્ય જ છે.

અહીં પ્રભુ એ માટીના ઘડા નથી છતાં પ્રભુને 'पार्थिवनिप' કહ્યા એ શબ્દછળ છે. 'पार्थिवनिप' એટલે 'માટીનો ઘડો' અને पार्थिवः निपः इव આ પ્રમાણે કરીએ તો ઘડાના જેવા એવા રાજા અર્થાત્ પ્રભુ રાજા છે. અને એ ઘડાની જેમ પરાङ્મુખ રહીને પણ પાછળ વળગેલાને તારનારા છે.

આમ પ્રભુને ઘડાની ઉપમા આપી. એમાં એક જ વાત ખટકે છે. પ્રભુ કર્મવિપાકથી શૂન્ય છે. ઘડો કર્મવિપાકથી યુક્ત છે. ઘડો એ ભઠ્ઠીમાં પકાવવાની ક્રિયાના વિપાકરૂપ લાલાશ, કઠણતા વગેરેથી યુક્ત છે. કાચો ઘડો એ તારી શકતો નથી. પ્રભુ તો અષ્ટકર્મોના વિપાક વિનાના છે છતાં ય જીવોને તારે છે. આમ આશ્ચર્ય છે.

विश्वेश्वरोऽपि जनपालक ! दुर्गतस्त्वं ।
किं वाक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश !
अज्ञानवत्यपि सदैव कथंचिदेव ।
ज्ञानं त्वयि स्फुरति विश्वविकासहेतुः ॥३०॥

अन्वय : जनपालक ! त्वं विश्वेश्वरः अपि दुर्गतः, ईश ! त्वं अक्षर-प्रकृतिः अपि अलिपिः किं वा ? अज्ञानवति अपि त्वयि विश्वविकासहेतुः ज्ञानं सदैव कथंचित् एव स्फुरति ? ॥३०॥

પરિચય : दुर्गत=ભિખારી, દુઃખેથી જાણી શકાય એવી વસ્તુ अक्षर=ક, ખ વગેરે અક્ષરો, નાશ ન પામે તે अज्ञ=અજ્ઞાની अवत्=રક્ષણ કરતો.

અર્થ : હે જનના પાલક ! આપ વિશ્વના ઈશ્વર હોવા છતાં પણ ભિખારી છો. અથવા શું આપ અક્ષર સ્વભાવવાળા હોવા છતાં પણ લિપિ વિનાના છો ? અજ્ઞાનવાળા એવા પણ આપનામાં કાયમ માટે વિશ્વના વિકાસના કારણભૂત એવું જ્ઞાન કેવી રીતે સ્ફુરે છે ?

સમાસ : (१) विश्वस्य ईश्वरः इति विश्वेश्वरः (२) दुःखेन गम्यते इति दुर्गतः (३) न क्षरा इति अक्षरा । अक्षरा प्रकृतिः यस्य स अक्षरप्रकृतिः । अक्षरा एव प्रकृतिः यस्य स अक्षरप्रकृतिः (४) न लिपिः इति अलिपिः । (५) अज्ञानं अस्ति अस्य इति अज्ञानवान्, तस्मिन् (६) जानन्तीति ज्ञाः, न ज्ञाः इति अज्ञाः, तान् (७) विश्वस्य विकासः इति विश्वविकासः, तस्य हेतुः इति विश्वविकासहेतुः ।

ભાવાર્થ : આ શ્લોકમાં ત્રણ વિરોધો છે અને શબ્દછળથી, અર્થભેદથી એમાં જ સમાધાન પણ છે.

(૧) પ્રભુ વિશ્વેશ્વર છે અને દુર્ગત=ભિખારી છે. આ વાત વિરોધી છે પણ 'દુર્ગત=દુઃખેથી જાણી શકાય એવા આ પ્રભુ છે' એમ અર્થ કરો એટલે વિરોધ ન રહે.

(૨) પ્રભુ વીર, પાર્શ્વ વગેરે અક્ષરસ્વરૂપ છે. અને પ્રભુ લિપિરૂપ= અક્ષરરૂપ નથી. આ બે ય વાતો વિરોધી છે. પણ પ્રભુનો કેવલજ્ઞાનાદિ સ્વભાવ (પ્રકૃતિ) ક્યારેય નાશ પામનારી નથી, 'અક્ષર' છે એમ અર્થ કરીએ એટલે વિરોધ ન રહે.

(૩) પ્રભુ અજ્ઞાની છે અને એમાં જ્ઞાન સ્ફુરે છે એ વિરોધી વાત છે. પરંતુ અજ્ઞોને-અજ્ઞાનીઓને अवति=રક્ષણ કરતા એવા પ્રભુને વિશે જ્ઞાન સ્ફુરે છે એ અર્થ લેવાથી વિરોધ દૂર થાય છે.

(अवति=સપ્તમી એકવચન)

प्राग्भारसंभृतनभांसि रजांसि रोषा-
दुत्थापितानि कमठेन शठेन यानि ।
छायापि तैस्तव न नाथ ! हता हताशो ।
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥३१॥

अन्वय : नाथ ! शठेन कमठेन यानि प्राग्भारसंभृतनभांसि रजांसि रोषात् उत्थापितानि तैः तव छाया अपि न हता, परं तु हताशः अयम् एव दुरात्मा अमीभिः ग्रस्तः ॥३१॥

પરિચય : प्राग्भार=અતિ ઊંચું संभृत=ભરાયેલ उत्थापित=ઉત્પન્ન કરાયેલ, ઉડાડાયેલ ग्रस्त=વ્યાપ્ત परं=પરંતુ.

અર્થ : નાથ ! લુચ્ચા એવા કમઠ વડે જે ઊંચા આકાશને ભરી દેનારી ધૂળ ક્રોધથી ઉડાડાઈ, પણ તેના વડે તમારી છાયા પણ ન હણાઈ. પરંતુ હણાયેલી આશાવાળો તે કમઠ દુષ્ટ આત્મા એ જ (કર્મ) ધૂળ વડે ગ્રસ્ત બન્યો.

સમાસ : (१) प्राग्भाराणि संभृतानि नभांसि यैः तानि इति प्राग्भारसंभृतनभांसि । (२) हताः आशाः यस्य स हताशः (३) दुष्टश्चासौ आत्मा च इति दुरात्मा ।

ભાવાર્થ : કમઠની ઈચ્છા હતી કે ભયંકર ધૂળ ઉડાડવા દ્વારા પ્રભુને એમાં જ દાટી દેવા. એ ધૂળે આકાશમાં ઘણે ઊંચે સુધીના ભાગો પૂરી

દીધા. એટલે એમ કહેવાય કે ઊંચા આકાશ એ ધૂળ વડે ભરાયા, પણ આવી ભયંકર ધૂળ વડે આપની તો છાયા-તેજ પણ ન હણાઈ. ઊલટું એ કમઠ કર્મરૂપી ધૂળ વડે ગ્રસાયો, એ દ્રવ્યધૂળ જ કર્મધૂળ બનીને એને ચોંટી પડી. અર્થાત્ આ કામ કરવાથી એને પુષ્કળ કર્મબંધ થયો.

यद्गर्जदूर्जितघनौघमदभ्रभीमं ।

भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारम् ।

दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे ।

तेनैव तस्य जिन ! दुस्तरवारिकृत्यम् ॥३२॥

अन्वय : जिन ! दैत्येन गर्जत्-ऊर्जितघनौघं अदभ्रभीमं भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारं यद् दुस्तरवारि मुक्तं, अथ तेन एव तस्य दुस्तरवारिकृत्यम् दध्रे ॥३२॥

પરિચય : ऊर्जित=તેજવાળું, વીજળીવાળું अदभ्र=પુષ્કળ भीम= ભયંકર घनौघ=વાદળોનો સમૂહ मुसल=મુશળ मांसल=જાડું, ઘટ્ટ तरवारि=તલવાર दुस्तर=દુઃખેથી તરી શકાય તે वारि=પાણી.

અર્થ : જિન ! દૈત્ય=કમઠાસુર વડે ગર્જના કરતા તેજવાળા વાદળોના સમૂહવાળું, અત્યંત ભયંકર નીકળતી=ભ્રષ્ટ થતી વીજળીઓવાળી મુશળના જેવી જાડી ભયંકર ધારાવાળું, (માટે જ) દુઃખેથી તરી શકાય એવું જે પાણી છોડાયું તે જ પાણી વડે તેનું ભૂંડી તરવારનું કાર્ય ધારણ કરાયું.

સમાસ : (१) घनानाम् ओघः इति घनौघः, ऊर्जितश्चासौ घनौघश्च इति ऊर्जितघनौघः, गर्जन् ऊर्जितघनौघः यस्य तत् गर्जदूर्जितघनौघं, तत् (२) अदभ्रं यथा स्यात् तथा भीमं इति अदभ्रभीमं, तत् (३) भ्रश्यन्त्यः तडितः यस्याः सा भ्रश्यत्तडित्, मुसलवत् मांसला इति मुसलमांसला, मुसलमांसला चासौ घोरधारा च इति मुसल-मांसलघोरधारा । भ्रश्यत्तडित् मुसलमांसलघोरधारा यस्य तत् । (४)

दुःखेन तीर्यते यत् तत् दुस्तरं । दुस्तरं च तत् वारि च इति दुस्तरवारि (५) दुष्टा चासौ तरवारिश्च इति दुस्तरवारिः, तस्याः कृत्यं इति दुस्तरवारिकृत्यम् ।

ભાવાર્થ : અહીં वारि=પાણીના જ બધા વિશેષણો છે. જે પાણી પડ્યું એ પાણીને વરસાવનારા વાદળો ગર્જના કરતા અને તેજસ્વી હતા. એ પાણી અત્યંત ભયંકર હતું. જે પાણી નીચે પડ્યું એ પાણીની ધારા ઘોર, મુશળ જેવી જાડી, વીજળીઓને નાંખનારી હતી.

આમ આ બધા વિશેષણો 'दुस्तरवारि' પદના જાણવા.

સારાંશ એ કે આ પાણીથી પ્રભુને કંઈ ન થયું. પણ જેમ બીજાને મારવા માટે પકડેલી તલવાર ખોટી રીતે પકડવામાં આવે તો પકડનારને જ મારનારી બને એમ પ્રભુને મારવા માટે પાડેલો વરસાદ એ કમઠને જ ભયંકર કર્મબંધ કરાવનારો બન્યો, એટલે એ પાણીએ ખરાબ તલવારનું કામ કરેલું કહેવાય.

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड-
प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ।
प्रेतव्रजः प्रतिभवन्तमपीरितो यः ।
सोऽस्याभवत्प्रतिभवं भवदुःखहेतुः ॥३३॥

अन्वय : ध्वस्त-ऊर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्डप्रालम्बभृत्-भयदवक्त्रविनिर्यत्-अग्निः यः प्रेतव्रजः भवन्तं प्रति ईरितः सः अपि अस्य प्रतिभवं भवदुःखहेतुः अभवत् ॥३३॥

પરિચય : ध्वस्त=છૂટાછવાયા (નીચે લટકતા) ऊर्ध्व=ઊંચા मर्त्य=મનુષ્ય मुण्ड=ખોપરી प्रालम्ब=માળા विनिर्यत्=નીકળતું प्रेतव्रज= ભૂતોનો સમૂહ वक्त्र=મુખ.

અર્થ : છૂટા-છવાયા (કે નીચે લટકતા) ઊંચા વાળ વડે વિકૃત આકૃતિવાળો, માનવોની ખોપરીની માળાને ધારણ કરનારો, ભયને

આપનાર મોઢામાંથી નીકળતી અગ્નિવાળો જે ભૂતોનો સમૂહ આપના તરફ (એ કમઠ વડે) મોકલાયો એ સમૂહ એ કમઠને પ્રત્યેક ભવોમાં સંસારના દુઃખોનું કારણ બન્યો.

સમાસ : (१) ऊर्ध्वाश्चामी केशाश्च इति ऊर्ध्वकेशाः, ध्वस्ताश्चामी ऊर्ध्वकेशाश्च इति ध्वस्तोर्ध्वकेशाः, तैः विकृता आकृतिः यस्य स ध्वस्तोर्ध्वकेशविकृताकृतिः । मर्त्यानां मुंडानि इति मर्त्यमुंडानि, तेषां प्रालम्बः इति मर्त्यमुंडप्रालम्बः, तं बिभर्तीति मर्त्यमुंडप्रालम्बभृत् । (२) भयं ददातीति भयदं । भयदं च तत् वक्त्रं च इति भयदवक्त्रं, तस्मात् विनिर्यन् अग्निः यस्य स भयदवक्त्रविनिर्यदग्निः ।

मर्त्यमुंडप्रालम्बभृच्चासौ भयदवक्त्रविनिर्यदग्निश्चेति, ध्वस्तो-र्ध्वकेशविकृताकृतिश्चासौ मर्त्यमुंडप्रालंबभृद्भयदवक्त्रविनिर्यदग्निः च इति (३) प्रेतानां व्रजः इति प्रेतव्रजः (४) भवं भवं प्रति इति प्रतिभवम् (५) भवस्य दुःखानि इति भवदुःखानि, तेषां हेतुः इति भवदुःखहेतुः ।

ભાવાર્થ : એ પ્રેતસમૂહ પ્રભુને તો કંઈ ન કરી શક્યો પણ એના કારણે કમઠે પુષ્કળ કર્મ બાંધ્યા. પરિણામે અનેક ભવોમાં ભયંકર દુઃખોને પામ્યો. એટલે પ્રેતસમૂહ એ કમઠને સંસારના દુઃખોનું કારણ બનેલ કહેવાય.

धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसन्ध्य-
माराधयन्ति विधिवद् विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः ।
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥३४॥

अन्वय : भुवनाधिप ! विभो ! त एव धन्याः ये जन्मभाजः भुवि विधिवत् त्रिसन्ध्यं विधुत-अन्यकृत्याः भक्त्योल्लसत्पुलकपक्ष्मल-देहदेशाः तव पादद्वयं आराधयन्ति ॥३४॥

પરિચય : जन्मभाक्=ભવ્ય જીવ पुलक=રોમાંચ पक्ष्मल=વ્યાપ્ત.

અર્થ : ભુવનના સ્વામી ! વિભુ ! તે જ ધન્ય જીવો છે કે જે જીવો આ ભૂમિ ઉપર વિધિપૂર્વક સવાર-બપોર-સાંજ ત્રણ સંધ્યામાં બાકીના સર્વ કાર્યો છોડીને ભક્તિથી ઉલ્લાસ પામતા રોમાંચ વડે વ્યાપ્ત શરીરના ભાગવાળા (બનીને) છતાં તમારા બે ચરણોને આરાધે છે.

સમાસ : (१) भुवनानां अधिपः इति भुवनाधिपः, तत्संबोधने (२) जन्म भजन्ते इति जन्मभाजः । (३) विधिं अनतिक्रम्य इति विधिवत् (४) त्रयाणां सन्ध्यानां समाहारः इति त्रिसन्ध्यम् (५) अन्यानि च तानि कृत्यानि च इति अन्यकृत्यानि । विधुतानि अन्यकृत्यानि यैः ते विधुतान्यकृत्याः । (६) उल्लसन्तश्चामी पुलकाश्च इति उल्लसत्पुलकाः, तैः पक्ष्मलाः देहदेशाः येषां ते उल्लसत्पुलकपक्ष्मल-देहदेशाः । देहस्य देशाः इति देहदेशाः । (७) पादयोः द्वयं इति पादद्वयम् ।

ભાવાર્થ : જે જીવો (૧) રોજ ત્રણ સન્ધ્યામાં પ્રભુના ચરણોની આરાધના કરે (૨) વિધિપૂર્વક કરે (૩) ભક્તિથી રોમાંચિત બનીને કરે (૪) બાકીના કોઈપણ કામ આવી પડે તો પણ એ બધા કરતાં પ્રભુભક્તિને પ્રાધાન્ય આપે તે ધન્ય છે.

अस्मिन्नपारभववारिनिधौ मुनीश !

मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ।

आकर्णिते तु तव गोत्रपवित्रमन्त्रे ।

किं वा विपद्विषधरी सविधं समेति ॥३५॥

अन्वय : मुनीश ! मन्ये अस्मिन् अपारभववारिनिधौ मे श्रवण-गोचरतां न गतः असि, वा तव गोत्रपवित्रमन्त्रे आकर्णिते तु विपद्-विषधरी सविधं समेति किं ? ॥३५॥

પરિચય : श्रवण=કાન, સાંભળવું તે गोचर=વિષય गोत्र=નામ

विषधरी=નાગણ सविध=પાસે गत=પામ્યો.

અર્થ : હે મુનિઓના સ્વામી ! હું માનું છું કે આ પાર વિનાના સંસારરૂપી સમુદ્રમાં મારા કાનના વિષયપણાને તું પામ્યો નથી. અથવા તો (જો તું મારા કાનનો વિષય બન્યો હોત અને એ રીતે) તારું નામ રૂપી પવિત્ર મંત્ર સંભળાયે છતે શું વિપત્તિરૂપી નાગણ પાસે આવે ખરી ? (પણ મને તો ઘણી વિપત્તિઓ આવે છે. એટલે હું અનુમાન કરું છું કે મેં ક્યારેય તારું નામ સાંભળ્યું નથી.)

સમાસ : (१) न विद्यते पारः यस्य स इति अपारः । भवः एव वारिनिधिः इति भववारिनिधिः । अपारश्चासौ भववारिनिधिश्च इति अपारभववारिनिधिः, तस्मिन् । वारीणां निधिः इति वारिनिधिः (२) श्रवणस्य गोचरः इति श्रवणगोचरः, तस्य भावः श्रवणगोचरता, ताम् (३) पवित्रश्चासौ मंत्रश्च इति पवित्रमंत्रः । गोत्रं एव पवित्रमंत्रः इति गोत्रपवित्रमन्त्रः, तस्मिन् (४) विषं धरतीति विषधरी, विपद् एव विषधरी इति विपद्विषधरी ।

ભાવાર્થ : કાન જેનું નામ સાંભળે એ પદાર્થ કાનનો વિષય બને. કવિ કહે છે કે મેં પ્રભુનું નામ સાંભળ્યું જ નથી. અર્થાત્ પ્રભુ મારા કાનનો વિષય બન્યા નથી. કવિ અનુમાન જ કરે છે કે પ્રભુના નામના શ્રવણની એ તાકાત છે કે કોઈ આપત્તિ-વિપત્તિ ન આવવા દે પણ મારે તો ઘણી વિપત્તિઓ છે એટલે મને લાગે છે કે 'મેં પ્રભુનું નામ સાંભળ્યું નથી.'

जन्मान्तरेऽपि तव पादयुगं न देव !
मन्ये मया महितमीहितदानदक्षम् ।
तेनेह जन्मनि मुनीश ! पराभवानां ।
जातो निकेतनमहं मथिताशयानाम् ॥३६॥

अन्वय : देव ! मन्ये मया जन्मान्तरे अपि ईहितदानदक्षं तव पादयुगं न महितं, तेन मुनीश ! अहं इह जन्मनि मथित-आशयानां पराभवानां निकेतनं जातः ॥३६॥

પરિચય : दक्ष=ચતુર ईहित=ઈચ્છાયેલ महित=પૂજાયેલ मथित=ગુંગળાવાયેલ, ખતમ કરાવાયેલ निकेतन=સ્થાન,ઘર पराभव= અપમાન, તિરસ્કાર, પરાજય.

અર્થ : દેવ ! હું માનું છું કે મારા વડે બીજા જન્મમાં પણ ઈચ્છાયેલી વસ્તુઓનું દાન દેવામાં ચતુર એવા તમારા બે ચરણો પૂજાયા નથી. તેથી જ હે મુનીશ ! હું આ જન્મમાં મારા હૃદયને ગુંગળાવી નાંખનારા એવા પરાભવોનું-અપમાનોનું સ્થાન બન્યો છું.

સમાસ : (१) अन्यत् जन्म इति जन्मान्तरं, तस्मिन् (२) ईहितानां दानं इति ईहितदानं, तस्मिन् दक्षं इति ईहितदानदक्षम् । (३) पादयोः युगं इति पादयुगं, तत् (४) मथितः आशयः यैः ते मथिताशयाः, तेषाम् ।

ભાવાર્થ : સ્પષ્ટ છે. મેં આપની પૂજા કરી નથી માટે જ પુષ્કળ પરાભવોને પામ્યો છું, પામી રહ્યો છું. એ પરાભવો પણ સામાન્ય નથી પણ મારા હૃદયના ચૂરેચૂરા કરી નાંખે એવા ભયંકર છે.

नूनं न मोहतिमिरावृतलोचनेन ।
पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ।
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः ।
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ॥३७॥

अन्वय : विभो ! पूर्वं सकृत् अपि मोहतिमिरावृतलोचनेन नूनं न प्रविलोकितः असि । हि अन्यथा एते मर्माविधः प्रोद्यत्प्रबन्धगतयः अनर्थाः मां कथं विधुरयन्ति ? ॥३७॥

પરિચય : सकृत्=એકવાર तिमिर=અંધકાર आवृत=ઢંકાયેલ प्रोद्यत्=ઉદ્યમવાળી, શક્તિશાળી प्रबन्धगति=લાંબી ગતિ विधुरयन्ति= દુ:ખી કરે છે.

અર્થ : વિભુ ! પૂર્વકાળમાં એકવાર પણ મોહરૂપી અંધકાર વડે ઢંકાયેલા નેત્રવાળા એવા મારા વડે ખરેખર તું જોવાયેલો નથી. જો આવું ન હોત તો તો આ મર્મસ્થાનને વીંધી નાંખનારા, ઉદય પામતી લાંબી ગતિવાળા એવા અનર્થો કેવી રીતે મને દુઃખી કરે ?

સમાસ : (१) मोहः एव तिमिरं इति मोहतिमिरं, तेन आवृते लोचने यस्य स मोहतिमिरावृतलोचनः, तेन (२) मर्माणि आविध्यन्ति इति मर्माविधः (३) न अर्थाः इति अनर्थाः (४) प्रोद्यन्ती प्रबन्धगतिः येषां ते इति प्रोद्यत्प्रबन्धगतयः ।

ભાવાર્થ : હું ભૂતકાળમાં મોહાંધકારથી અંધ હતો એટલે મેં ક્યારેય આપને જોયા નથી. અને માટે જ આ હૃદયાદિ મુખ્ય ભાગોને ભેદી નાંખનારા અનર્થો મને દુઃખી કરે છે. એ અનર્થો પ્રબંધગતિવાળા= લાંબા કાળ સુધી ચાલનારા છે. અર્થાત્ એમનો રહેવાનો લાંબો કાળ ઉદય પામી રહ્યો છે. (ઉદય પામી રહ્યો છે રહેવાનો લાંબો કાળ જેઓનો એવા અનર્થો).

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि ।
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपांत्रं ।
यस्मात्क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥३८॥

अन्वय : जनबान्धव ! मया आकर्णितः अपि महितः अपि निरीक्षितः अपि नूनं चेतसि भक्त्या न विधृतः असि, तेन दुःखपात्रं जातः अस्मि । यस्मात् भावशून्याः क्रियाः न प्रतिफलन्ति ॥३८॥

પરિચય : विधृत=ધારણ કરાયેલ न प्रतिफलन्ति=ફળ આપનારી બનતી નથી.

અર્થ : હે જનના બાંધવ ! મારા વડે સંભળાયેલા એવા પણ, પૂજાયેલા એવા પણ, જોવાયેલા એવા પણ આપ ખરેખર ચિત્તમાં ભક્તિ

વડે ધારણ કરાયેલા નથી. તેથી જ હું દુઃખોનું પાત્ર બનેલો છું, કેમકે ભાવથી શૂન્ય એવી ક્રિયાઓ ફળ આપનારી બનતી નથી.

સમાસ : (१) दुःखानां पात्रं इति दुःखपात्रम् । (२) भावेन शून्याः इति भावशून्याः ।

ભાવાર્થ : ૩૫-૩૬-૩૭ શ્લોકમાં કવિએ ક્રમશઃ કહ્યું કે મેં પ્રભુને સાંભળ્યા નથી, પૂજ્યા નથી, જોયા નથી.

આ શ્લોકમાં કવિ કહે છે કે ના, ના, મેં પ્રભુને સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે અને જોયા પણ છે. છતાં હું દુઃખો પામ્યો, વિપત્તિઓ પામ્યો. એનું કારણ મેં ભક્તિથી પ્રભુને હૃદયમાં ધારણ કર્યા નથી, કેમકે પ્રભુના નામનું શ્રવણ, પ્રભુપૂજન કે પ્રભુદર્શન રૂપ ક્રિયા ભાવ વિનાની હોય તો ફળ ન જ આપે. અને માટે જ એ બધું કરવા છતાં હું ભાવ વિનાનો હોવાથી મને ફળ ન મળ્યું.

त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य !
भक्त्या नते मयि महेश ! दयां विधाय ।
दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥३९॥

अन्वय : नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य ! कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य ! महेश ! भक्त्या नते मयि दयां विधाय दुःखाङ्कुर-उद्दलनतत्परतां विधेहि ॥३९॥

પરિચય : शरण्य=શરણ કરવા યોગ્ય कारुण्य=કરુણા वसति= રહેઠાણ, સ્થાન वरेण्य=શ્રેષ્ઠ वशिन्=યોગી उद्दलन=વિનાશ,ખંડન.

અર્થ : હે નાથ ! દુઃખી લોકોના વત્સલ ! હે શરણ્ય ! હે કરુણા અને પુણ્યના સ્થાન (ભંડાર) ! હે યોગીઓમાં શ્રેષ્ઠ ! હે મહેશ ! ભક્તિ વડે નમેલા એવા મારા ઉપર દયા કરીને દુઃખોરૂપી અંકુરાઓનો વિનાશ કરવામાં તત્પરતાને (ઉતાવળને) કરો.

સમાસ : (१) दुःखिनश्चामी जनाश्च इति दुःखिजनाः, तेषु वत्सलः इति दुःखिजनवत्सलः, तत्संबोधने (२) कारुण्यं च पुण्यं च इति कारुण्यपुण्ये, तयोः वसतिः इति कारुण्यपुण्यवसतिः, तत्संबोधने (३) दुःखानि एव अंकुराः इति दुःखाङ्कुराः, तेषां उद्दलनं, तस्मिन् तत्परः इति दुःखाङ्कुरोद्दलनतत्परः, तस्य भावः इति दुःखाङ्कुरोद्दलनतत्परता, ताम् ।

ભાવાર્થ : સ્પષ્ટ છે.

निःसंख्यसारशरणं शरणं शरण्य-
मासाद्य सादितरिपु प्रथितावदातम् ।
त्वत्पादपङ्कजमपि प्रणिधानवन्ध्यो ।
वध्योऽस्मि चेद् भुवनपावन ! हा हतोऽस्मि ॥४०॥

अन्वय : भुवनपावन ! निःसंख्यसारशरणं शरणं शरण्यं सादित-रिपु, प्रथित-अवदातम् त्वत्पादपङ्कजं अपि आसाद्य चेत् प्रणिधान-वन्ध्यः अस्मि, हा वध्यः हतः अस्मि ॥४०॥

પરિચય : सादित=નાશ થયેલ प्रथित=વિસ્તાર પામેલ प्रणिधान=તેજ पावन=ધ્યાન, એકાગ્રતા पावन=પવિત્ર કરનાર निसंख्य =અગણિત.

અર્થ : અગણિત બળના આધારભૂત (અનાથોના) શરણ, શરણ લઈ શકવા માટે સુપાત્ર, શત્રુઓને ખતમ કરી ચૂકેલા, વિસ્તરેલા તેજવાળા એવા તમારા પદકમળને પામીને પણ હું જો ધ્યાનથી રહિત હોઉં તો ખરેખર હું વધ કરવા યોગ્ય છું. હે ભુવનને પવિત્ર કરનાર ! હું હણાયેલો છું.

સમાસ : (१) निर्गता संख्या यस्मात् स इति निःसंख्यः । निःसंख्यश्चासौ सारश्च इति निःसंख्यसारः, तस्य शरणं इति निःसंख्यसारशरणम् (२) शरणे साधु इति शरण्यं, तत् (३) सादिताः

रिपवः येन तत् सादितरिपु, तत् (४) प्रथितं अवदातं येन तत् प्रथितावदातम् (५) तव पादौ इति त्वत्पादौ । त्वत्पादौ एव पङ्कजं इति त्वत्पादपङ्कजम् । (६) प्रणिधानेन वन्ध्यः इति प्रणिधानवन्ध्यः । (७) भुवनस्य पावनः इति भुवनपावनः, तत्संबोधने ।

ભાવાર્થ : લોકો પ્રભુના શરણે આવે છે એટલે પ્રભુ શરણ્ય છે. અને પ્રભુ ખરેખર એવા જ છે કે એમના શરણે જવું હિતકારી બને માટે 'शरण्य' છે. કેટલાકો એવા પણ હોય કે જેઓ ઘણાના શરણ હોય પણ શરણ્ય=શરણ સ્વીકારવા માટે પાત્ર ન હોય. પ્રભુ એવા નથી.

देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार !
संसारतारक ! विभो ! भुवनाधिनाथ !
त्रायस्व देव ! करुणाह्रद ! मां पुनीहि ।
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥४१॥

अन्वय : देवेन्द्रवन्द्य ! विदित-अखिलवस्तुसार ! संसारतारक ! विभो ! भुवनाधिनाथ ! करुणाह्रद ! देव ! अद्य सीदन्तम् मां भयदव्यसन-अम्बुराशेः त्रायस्व, पुनीहि ॥४१॥

પરિચય : ह्रद=સરોવર भयद=ભય આપનાર व्यसन=આપત્તિ अद्य=હમણાં.

અર્થ : હે દેવેન્દ્રો વડે વંદાયેલ ! તમામ વસ્તુઓના સારને જાણનાર ! સંસારના તારક ! વિભુ ! ભુવનોના અધિનાથ (રક્ષક) ! કરૂણાના સરોવર ! દેવ ! હમણાં સીદાતા=ખેદ પામતા એવા મને ભયને આપનારા દુઃખો-આપત્તિઓ રૂપી સમુદ્રથી રક્ષો (અર્થાત્ એનાથી મારી રક્ષા કરો), મને પવિત્ર કરો.

સમાસ : (१) देवानां इन्द्राः इति देवेन्द्राः, तैः वन्द्यः इति देवेन्द्रवन्द्यः, तत्संबोधने (२) अखिलानि च तानि वस्तूनि च इति अखिलवस्तूनि, तेषां सारः इति अखिलवस्तुसारः । विदितः

अखिलवस्तुसारः येन स विदिताखिलवस्तुसारः, तत्संबोधने (३) संसारस्य तारकः इति संसारतारकः, तत्संबोधने । (४) करुणायाः ह्रदः इति करुणाह्रदः, तत्संबोधने (५) भयं ददतीति भयदानि । भयदानि च तानि व्यसनानि च इति भयदव्यसनानि, तेषां अम्बुराशिः इति भयदव्यसनाम्बुराशिः, तस्य ।

ભાવાર્થ : સ્પષ્ટ છે.

यद्यस्ति नाथ ! भवदङ्घ्रिसरोरुहाणां ।
भक्तेः फलं किमपि संततिसंचितायाः ।
तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः ।
स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥४२॥

अन्वय : नाथ ! यदि भवत्-अङ्घ्रिसरोरुहाणां संततिसंचितायाः भक्तेः किं अपि फलं अस्ति तत् शरण्य ! त्वत्-एकशरणस्य मे अत्र भुवने भवान्तरे अपि त्वम् एव स्वामी भूयाः ॥४२॥

પરિચય : अङ्घ्रि=પગ सरोरुह=કમળ संतति=પરંપરા संचित= ભેગી કરાયેલ भूयाः=આશીર્વાદ બીજો પુ. એ.વચન, અર્થ 'થા'.

અર્થ : નાથ ! જો તારા ચરણકમળોની લાંબા કાળની પરંપરા વડે ભેગી કરાયેલી એવી ભક્તિનું કંઈ પણ ફળ છે. તો હે શરણ્ય ! તું જ એક માત્ર શરણ કરવા યોગ્ય છે એવા મારો આ ભુવનમાં અને આવતા ભવમાં પણ તું જ સ્વામી થા.

સમાસ : (१) भवतः अंघ्री इति भवदङ्घ्री, भवदङ्घ्री एव सरोरुहाः इति भवदङ्घ्रिसरोरुहाः, तेषाम् (२) संतत्या संचिता इति संततिसंचिता, तस्याः (३) त्वमेव एकं शरणं यस्य स त्वदेकशरण्यः, तस्य (४) अन्यः भवः इति भवान्तरं, तस्मिन् ।

ભાવાર્થ : સ્પષ્ટ છે. કવિ પોતાની ભક્તિના ફળરૂપે ભવોભવમાં પ્રભુની પ્રાપ્તિ માંગે છે.

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !
सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः ।
त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्ष्या ।
ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥४३॥
जननयनकुमुदचन्द्र ! प्रभास्वराः स्वर्गसंपदो भुक्त्वा ।
ते विगलितमलनिचया अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥४४॥

अन्वय : जिनेन्द्र ! विभो ! जननयनकुमुदचन्द्र ! ये इत्थं समाहितधियः सान्द्रोल्लसत्-पुलककंचुकित-अंगभागाः त्वद्बिम्ब-निर्मलमुखाम्बुजबद्धलक्ष्याः भव्याः तव संस्तवं विधिवत् रचयन्ति ते विगलितमलनिचयाः प्रभास्वराः स्वर्गसंपदः भुक्त्वा अचिरात् मोक्षं प्रपद्यन्ते ॥४३-४४॥

પરિચય : समाहित=એકાગ્ર બનેલી अङ्ग=શરીર सान्द्र=ગાઢ पुलक=રૂંવાટી कंचुकित=રોમાંચિત થયેલ कुमुद=ચન્દ્રવિકાસી કમળ निचय=સમૂહ.

અર્થ : હે જિનેન્દ્ર ! વિભુ ! આ પ્રમાણે એકાગ્ર બનેલી બુદ્ધિવાળા, ગાઢ રીતે ઉલ્લાસ પામતા (ઊભા થતા) રૂંવાડાઓથી રોમાંચિત બનેલા શરીરના ભાગોવાળા, તમારા બિંબના નિર્મળ મુખરૂપી કમળ ઉપર બંધાયેલા લક્ષ્યવાળા જે ભવ્ય જીવો તમારા સ્તવનને વિધિપૂર્વક રચે છે.

હે લોકોના નેત્રો રૂપી ચન્દ્રવિકાસી કમળને માટે ચન્દ્ર સમાન ! ગળી ગયેલા છે મેલના સમૂહ જેના એવા તે જીવો દેદીપ્યમાન એવી સ્વર્ગની સંપત્તિઓને ભોગવીને ઝડપથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

સમાસ : (१) समाहिता धीः येषां ते समाहितधियः । (२) सान्द्रं यथा स्यात् तथा उल्लसन्तः इति सान्द्रोल्लसन्तः । सान्द्रोल्लसन्तश्चामी पुलकाश्च इति सान्द्रोल्लसत्पुलकाः, तैः कंचुकिताः अङ्गभागाः येषां ते

सान्द्रोल्लसत्पुलककंचुकिताङ्गभागाः । अङ्गस्य भागाः इति अङ्गभागाः । (३) जनानां नयनानि इति जननयनानि । तानि एव कुमुदानि इति जननयनकुमुदानि, तेषु चन्द्रः इव इति जननयनकुमुदचन्द्रः, तत्संबोधने (४) स्वर्गस्य संपदः इति स्वर्गसंपदः, ताः ।

ભાવાર્થ : સ્પષ્ટ છે. જે ભવ્યો પ્રભુના મુખકમળને જ જોયા કરે તે જીવો મુખકમળ ઉપર બાંધેલા લક્ષ્યવાળા કહેવાય. આ શ્લોકનો અર્થ અધુરો છે. જેઓ આવા છે તેઓને શું ફળ મળે ? તે છેલ્લા શ્લોકમાં કહેશે.

૪૪મા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. ૪૩મા શ્લોકમાં બતાવેલા જીવો આ શ્લોકમાં બતાવેલ ફળને પામે છે.

* * * * *

યોગી અને ભોગી સૌને ખૂબ ઉપયોગી

પૂ. પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખર વિજયજી

મ. સાહેબના પુસ્તકો

ઘરઘરમાં વસાવો શુભ પ્રસંગે ભેટ આપો

- આપશ્રી પ્રખર વકતા બનવા માંગો છો ?
- આપશ્રી યશસ્વી વ્યાખ્યાનકાર બનવા માંગો છો ?
- આપશ્રી સફળ શિબિરકાર બનવા માગો છો ?
- આપના ઘરમાં સાસુ-વહુના ઝઘડા ચાલે છે ?
- આપના દીકરા આપનું કહ્યું માને છે ખરા ?
- આપનાં ઘરમાં સ્વર્ગ ઉતારવું છે ખરું ?
- આપ તત્ત્વજ્ઞાનનાં રસિક છો ખરા ?
- આપશ્રી રાજકારણની આંટીઘુંટી જાણવા માંગો છો ખરા ?
- ભારતનું ભાવિ આપ જાણવા માંગો છો ?
- સંસારની અસારતા આપે જાણવી છે ?
- સંસાર છોડવાની આપને ઈચ્છા છે ?
- આપને સાચા સાધુ બનવું છે ?

તો, જરૂરથી આજે જ પૂજ્યશ્રીના પુસ્તકો આપનાં ઘરમાં વસાવી લો.

આજે જ જોડાઈ જાઓ... આજે જ બેકારીની ચિંતામાંથી મુક્ત થાઓ

લાખો ડિગ્રીધારી બેકારોની સામે જૈન યુવાનોને

૧૦૦% નોકરીની ગેરંટી આપતી

આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા-પૂ. પાદ પં. પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા. તથા પૂ. મહાનંદાશ્રીજી મ.સા.

સૌજન્ય : સ્વ. સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપસી.

સંયોજક : મુનિશ્રી જિતરક્ષિતવિજયજી

સંસ્કૃત પાઠશાળા(સાબરમતી પાસે)ની આ છે કેટલીક વિશેષતાઓ

- હંમેશ વિદ્વાન ગુરુભગવંતોનો સત્સંગ
- વિદ્વાન પંડિતો અને સાધુભગવંતો દ્વારા પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, સંસ્કૃત, પ્રાકૃતબુક, વ્યાકરણ, ન્યાયદર્શન વગેરેનો અભ્યાસ
- માસિક વિશિષ્ટ સ્પર્ધાઓ તથા અભ્યાસ ઉપર આકર્ષક પુરસ્કારો (સ્કોલરશીપ)
- કમ્પ્યૂટર ક્લાસીસ ● અંગ્રેજી, નામું, વિવિધ સ્પર્ધાઓ, પૂજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે શિખવાડાશે. ● ૭ ક્ષેત્રોની વ્યવસ્થા ● રહેવા-જમવાનું સંપૂર્ણ ફ્રી.
- પાઠશાળાનો શિક્ષક બધા ક્ષેત્રમાં હોશિયાર બનાવીને સંઘનો સારો કાર્યકર બનશે.

ખૂબ જ મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો છે.

ફોર્મ મેળવવાનું સ્થળ

તપોવન સંસ્કારપીઠ
મુ. અમિયાપુર, પો. : સુઘડ,
તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ
૨૭૭૭, નિશા પોળ, રીલિફ રોડ, અમદાવાદ.
ફોન : ૫૩૫૯૦૩૩, ૫૩૫૫૮૨૩

પાઠશાળાનું સ્થળ

તપોવન સંસ્કારપીઠ
મુ. અમિયાપુર, પો. : સુઘડ, તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.
ફોન : (૦૭૯) ૩૨૭૬૨૭૩, ૩૨૭૬૩૪૧ મોબાઈલ : ૯૪૨૬૦૬૦૦૯૩

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના

સોપાન સર કરવાના લક્ષને વરેલા

તપોવનમાં ભણતા બાળકો

અતિથિઓને નમોનમઃ કરે છે.

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વક્તૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં Speech આપતાં પણ શીખે છે...

માતાપિતાના સેવક બને છે.

પ્રભુના ભક્ત બને છે.

ગરીબોના બેલી બને છે.

પ્રાણીઓના મિત્ર બને છે.

શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.

તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ
દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની–દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદુ કહેવાય તે બધું તેમના જીવમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ કયાં જવું? કયાં રોવું? શું આપઘાત કરી નાંખવો?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયાં હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ–સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે?

તપોવનમાં ધાર્મિક અને વ્યવહારિક બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઉંચી ગણુવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાય છે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ એ તપોવનનું મુખ્ય તત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો ને દેવગુરૂનો ભકત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને...અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ

કાર્યકર–ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં એ એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને કયાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તપોવનમાં દાખલ થવામાં અરૂચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોને સમગ્ર જીવવના હિતમાં તે ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

❖ યાદ રાખો ❖

લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં એવું મોટું નુકસાન થઇ જશે જે

જીવનભરમાં ભરપાઇ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.

ના.... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ સ્કૂલમાં આપણાં બાળકો જાય ?

ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.

હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !
આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે

અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.
(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.
(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.
(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.

[illegible] સૂચના

આરાધના કરાવવા આવનારને ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

ફોર્મ ભરીને મોકલવાનું સરનામું

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૩૨૭૬૨૭૩

દાનવીરો બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો

રૂા. એક લાખનું દાન આપીને તપોવનના પ્રવેશદ્વારની સામે ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર જીવનદાતા તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦-જી મુજબ કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ** એ નામથી આપનો ચેક કે ડ્રાફટ નીચેના સરનામે મોકલો.

જી.પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,
ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩